પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૨૫૭, કુલ પાના:૪, તારીખ: ૨૪-૦૬-૨૦૨૧ ગુરૂવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 257 PRICE :-RS. 1.50 DATE : 24-06-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

Whatsapp No.9712880678

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

### દેશના સૌથી મોટા ત્રણ કૌભાંડીઓ પર ઈડીએ સકંજો કસ્યો

## માલ્યા, મોદી, ચોકસીની ૯૩૭૧ કરોડની સંપત્તિ સરકારી બેન્કોને ટ્રાન્સફર કરાઈ

ન્યુ દિલ્હી,

ભારતમાં બેંકીંગ કૌભાંડના કેસમાં સરકારી એકસનની અસર હવે જોવા મળી છે. વિજય માલ્યા, નીરવ મોદી અને મેહુલ ચોકસી પર સરકારની ચોક્કસાઈની અસર જોવા મળી છે. સરકારે બેંકોના અંદાજે ૯૩૭૧ કરોડ રૂપિયાની સંપત્તિ ટ્રાન્સફર થઈ ગઈ છે. ઈડીના જણાવ્યા મુજબ ભાગેડુ આરોપી વિજય માલ્યા, નીરવ મોદી અને મેહુલ ચોકસીની ૯૩૭૧ કરોડ રૂપિયાની સંપત્તિ સરકારી બેંકોને ટ્રાન્સફર કરી દેવામાં આવી છે. જેથી કૌભાંડના કારણે થયેલા નુકસાનની







ચુકવણી થઈ શકે. ઈડીએ કહ્યું કે, વિજય માલ્યા અને પીએનબી બેંક ભ્રષ્ટાચાર મામલે બેંકોની ૪૦ ટકા રકમ પીએમએલએ હેઠળ જપ્ત કરવામાં આવેલા શેરોના વેચાણ દ્વારા વસુલવામામં આવી.

ઈડીએ ટ્વિટ કરીને કહ્યું કે, ઈડીએ ફકત પીએમએલએ હેઠળ વિજય માલ્યા, નીરવ મોદી અને મેહુલ ચોકસીના મામલે ૧૮,૧૭૦.૦૨ કરોડ રૂપિયાની સંપત્તિને જપ્ત કરવામાં આવી છે. બીજી બાજુ ૯૩૭૧.૧૭ કરોડની કિંમતવાળી સંપત્તિને સરકારી બેંકોને ટ્રાન્સફર પણ કરવામાં આવ્યા છે.

જોકે મેહુલ ચોકસી અને તેનો ભત્રીજા નીરવ મોદી પર કેટલાક બેંક અધિકારીઓની મીલીભગતથી પંજાબ નેશનલ બેંકની સાથે કથિત રીતે ૧૩,૫૦૦ કરોડ રૂપિયાનો ભ્રષ્ટાચારનો આરોપ છે. નીરવ મોદી હજુ લંડનની એક જેલમાં બંધ છે. જ્યારે મેહુલ ચોકસી ડોમિનિકાની જેલમાં બંધ છે. બંને વિરૂધ્ધ સીબીઆઈ તપાસ કરી રહ્યું છે અને

**ત્રણેયે પોતાની કંપનીઓ દ્વારા બેંકો સાથે ઠગાઈ કરી હતી અને તેનાથી બેંકોને ૨૨,૫૮૬.૮૩ કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું, SBIએ માલ્યાના શેર વેચી રૂ.૫૮૨૫ કરોડની રોકડી કરી, ૭૦ ટકા નુકશાનીની રિકવરી**

તેને ભારત પ્રત્યર્પિત કરવાના પ્રયત્નો ચાલુ છે. ઈડીએ કહ્યું કે વિજય માલ્યા અને પીએનબી બેંકના છેતરપિંડીના કેસમાં બેંકોની ૪૦૦ ટકા રકમ પીએમએલએ હેઠળ જપ્ત કરાયેલા શેરના વેચાણ દ્વારા વસૂલ કરવામાં આવી છે. અયોગ્ય કિંગફિશર એરલાઈન્સના માલિક વિજય માલ્યા હાલમાં ઈંગ્લેન્ડમાં છે, ઈડીના જણાવ્યા અનુસાર માલ્યાના પ્રત્યાર્પણની તમામ ઔપચારિકતાઓ પૂર્ણ થઈ ગઈ છે. તેમની કંપનીએ બેંક લોન પર ડિફોલ્ટ કર્યો હતો. જયારે ઈડી અને સીબીઆઈ આ કેસની તપાસ કરી રહ્યા હતા, ત્યારે માલ્યા ૨ માર્ચ, ૨૦૧૬ ના રોજ દેશ છોડી ભાગી ગયો હતો.

હાલમાં વિજય માલ્યા લંડનમાં, નીરવ મોદીને લંડનની જેલમાં અને મેહુલ ચોકસીની ડોમિનિકાની ધરપકડ કરવામાં આવી છે. પીએમએલએ તપાસ પૂર્ણ થઈ ગઈ છે અને ઈડીએ ત્રણેય સામે ગુનો દાખલ કર્યો છે. ત્રણેયને ભારત લાવવા યુ.કે. અને એન્ટિગુઆ-બારબૂડાને પ્રત્યાર્પણની વિનંતીઓ મોકલવામાં આવી છે. વેસ્ટમિંસ્ટર કોર્ટે માલ્યાના પ્રત્યાર્પણને મંજૂરી આપી. તેને યુકે હાઈકોર્ટે પણ મંજૂરી આપી દીધી છે. માલ્યાને યુકેની સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવાની મંજૂરી આપવામાં આવી નથી, જેના કારણે તેને ખૂબ જ ટૂંક સમયમાં ભારત લાવવામાં આવશે. નીરવ મોદી વિશે વાત કરતા વેસ્ટમિંસ્ટર કોર્ટે નીરવ મોદીના પ્રત્યાર્પણને મંજૂરી આપી દીધી છે. છેલ્લા બે વર્ષથી તે લંડનની જેલમાં બંધ છે. મુંબઈ પીએમએલએ કોર્ટે માલ્યા અને મોદીને આર્થિક ભાગેડુ જાહેર કર્યા છે.

## આજે ભગવાન જગન્નાથજીની જળયાત્રા યોજાશે: ના.મુખ્યમંત્રી-પ્રદિપસિંહ જાડેજા હાજર રહેશે

અમદાવાદ,

અમદાવાદમાં ભક્તોની જેની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા, તેવી ભગવાન જગન્નાથજીની રથયાત્રા પૂર્વે નીકળતી જળયાત્રા આવતીકાલે નીકળવા જઈ રહી છે. ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાના રથને જળાભિષેક કરવાની વિધિ માટે સાબરમતી નદીમાંથી જળ લાવવા માટે આગામી તા.૨૪મી જૂનના રોજ જગદીશ મંદિરથી જળયાત્રા માટે તૈયારીઓને આખરીઓપ આપી દેવામાં આવ્યો છે. પરંતુ કોરોના ગાઈડલાઈન પ્રમાણે માર્યાદિત લોકો જળયાત્રામાં લોકો હાજર રહેશે. કોરોના પ્રોટોકોલ મુજબ જળયાત્રા યોજાશે. આ જળયાત્રામાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને ગૃહરાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજા ઉપસ્થિત રહેશે. પરંપરાગત વિધિ પ્રમાણે એક ગજરાજ સાબરમતી નદીના આરે રહેશે, જયારે અન્ય ગજરાજો મંદિરના પ્રાંગણમાં રહેશે. ૫ કળશ, ૫ ધ્વજ પતાકા સાથે જળયાત્રા યોજાશે.

રથયાત્રા પૂર્વે પરંગપરાગત વિધિના ભાગરૂપે યોજાતી પવિત્ર



જળયાત્રાને રાજય સરકાર તરફથી મંજૂરી મળી છે. જો કે, ૧૦૮ કળશને બદલે માત્ર ૫ કળશ સાથે જળયાત્રા યોજવામાં આવશે તેવો નિર્ણય લેવામાં આવ્યો છે. સામાન્ય રીતે જળયાત્રામાં હજારો શ્રધ્ધાળુઓ અને ભાવિક ભકતો જોડાતા હોય છે પરંતુ આ વખતની જળયાત્રામાં કોવીડ ગાઈડલાઈન્સને લઈ ગણતરીના લોકો જ સામેલ કરવામાં આવશે. આ વખતની જળયાત્રામાં કોઈપણ ભજન મંડળી સામેલ નહિ થઈ શકે. જળયાત્રામાં ૫૦થી ઓછા લોકોની હાજરી રાખવાનું આયોજન છે. જેઓ મંદિરના જ સભ્યો હશે. સામાન્ય નાગરિકો કે અન્ય શ્રધ્ધાળુઓ જળયાત્રામાં નહિ જોડાઈ શકે.

અત્રે નોંધનીય છે કે, સામાન્ય રીતે ભગવાન જગન્નાથજીની ઐતિહાસિક અને પરંપરાગત રથયાત્રા પૂર્વે દર વર્ષે ૧૦૮ કળશની સાથે વાજતે-ગાજતે જળયાત્રા નીકળતી હોય છે. પરંતુ આ વર્ષે માત્ર પાંચ કળશ સાથે જળયાત્રા નીકળશે. જેમાં મંદિરના સેવકો તેમજ ગાદીપતિ અને ટ્રસ્ટીઓ જ જોડાશે. નદીના આરે વિધિવત રીતે ગંગા પૂજન થશે. જેમાં નાયબ મુખ્યમંત્રી અને ગૃહ રાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજાના હસ્તે ગંગા પૂજન કરવામાં આવશે.

જો કે, કોરોના સંક્રમણ ન ફેલાય તે માટે આ યાત્રામાં ભજન મંડળી અને અખાડાને જોડવામાં નહિ આવે. એટલું જ નહી, માત્ર ૫૦થી પણ ઓછા લોકો આ જળયાત્રામાં ભાગ લઈ શકે તેવું નક્કી કરવામાં આવ્યું છે. દર વર્ષે જળયાત્રામાં ૧૮ ગજરાજ હોય છે, પણ આ વર્ષે માત્ર પાંચ ગજરાજ રાખવામાં આવશે. કારણ કે ગજરાજ એ ગણપતિજીનું સ્વરૂપ છે અને કોઈપણ કાર્ય માટે આપણે ગજાનંદ ગણપતિજીને યાદ કરતા હોય છે. એટલા માટે ગજરાજ સાથે આ જળયાત્રા નીકળશે.

## CRWC અને CWCના જોડાણને મંજૂરી, નવેમ્બર સુધી મફત અનાજ અપાશે

ન્યુ દિલ્હી,

કેબિનેટ મિટિંગમાં આજે સીઆરડબલ્યુસી અને સીડબલ્યુસીના જોડાણને આજે મંજૂરી આપી દેવામાં આવી છે. આ સાથે જ મફત અનાજ વિતરણની યોજનાને નવેમ્બર સુધી આપવાના નિર્ણયને પણ મંજૂરી મળી ગઈ છે. જેનાથી ૮૦ કરોડ લોકોને ફાયદો થશે. તમને જણાવી દઈએ કે કોરોના વાયરસની બીજી લહેરને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત રાશન કાર્ડ ધારકોને દિવાળી સુધી ૫ કિલો મફતમાં અનાજ મળશે. કેબિનેટ મિટિંગમાં આજે સીઆરડબલ્યુસી અને સીડબલ્યુસીના જોડાણને આજે મંજૂરી આપી દેવામાં આવી છે. જેના કારણે ટેકસ ઘટાડવામાં પણ મોટી મદદ મળશે. લગભગ સરકારને વાર્ષિક ૫ કરોડ રૂપિયાનો ફાયદો થશે.

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત રાશન કાર્ડ ધારકોને દિવાળી સુધી ૫ કિલો મફતમાં અનાજ મળશે. આ યોજનામાં ગત વર્ષે કેન્દ્ર સરકાર દ્વારા ૯૦,૦૦૦ કરોડ રૂપિયાથી પણ વધૂનોમ ખર્ચ કરવામાં આવ્યો હતો. જો હવે આમાં છેલ્લા ત્રણ મહિનાનોમ ખર્ચ પણ ઉમેરવામાં આવે તો લગભગ આ આંકડો દોઢ લાખ કરોડ રૂપિયા થઈ જાય છે. ગયા વર્ષેજ્યારે પહેલું લોકડાઉન આપવામાં આવ્યું ત્યારે થોડા જ દિવસો બાદ આ યોજના શરૂ કરવામાં આવી હતી. જેના કારણે દેશમાં લગભગ ૮૧ કરોડ લોકોને એપ્રિલ, મે અને જૂન મહિનામાં મફત અનાજ આપવામાં આવ્યું હતું.

દિવાળી સુધી ૫ કિલો મફતમાં અનાજ મળશે, જેમાં એક સભ્ય પર દિવાળી સુધી ૧૦ કિલો અનાજ મળશે. આ યોજના અંતર્ગત ૧૦ કિલો અનાજમાંથી માત્ર ૫ કિલો અનાજના પૈસા ચૂકવવાના રહેશે અને ૫ કિલો અનાજ મફતમાં મળશે. એટલે કે ચાર સભ્યોના નામ વાળા રાશન કાર્ડ પર ૨૦ કિલો અનાજ મફતમાં આપવામાં આવશે. એટલે કે ૪૦ કિલો અનાજમાંથી માત્ર ૨૦ કિલો અનાજના જ પૈસા ચૂકવવાના રહેશે અને ૨૦ કિલો અનાજ મફતમાં મળશે.

## જમ્મુ કાશ્મીરમાંથી ૧૩૫ કરોડનું હેરોઈન જપ્ત, એક તસ્કર ઠાર



ન્યુ દિલ્હી,

સુરક્ષા દળોને જમ્મુ કાશ્મીર ખાતે ભારે મોટી સફળતા હાથ લાગી છે. સીમા સુરક્ષા દળ (બીએસએફ)એ બુધવારે કઠુઆ જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સીમા પાસે માદક પદાર્થોની તસ્કરી કરી રહેલા એક શખ્સને ઠાર માર્યો હતો. તે વ્યક્તિ પાસેથી આશરે ૧૩૫ કરોડ રૂપિયાનું મૂલ્ય ધરાવતું હેરોઈન પણ જપ્ત કરવામાં આવ્યું છે.

બીએસએફના પ્રવકતાએ જણાવ્યું કે, આ ઘટના બીઓપી હીરાનગર સેકટરના પંસાર ક્ષેત્ર ખાતે બની હતી. બીએસએફના કર્મીઓએ તસ્કરને સરહદ પાર કરીને ભારતીય ક્ષેત્રમાં પ્રવેશ કરવા પ્રયત્ન કરતા જોયો હતો અને તેને ચેતવણી પણ આપી હતી. તેમ છતાં તે માન્યો નહોતો અને ત્યાંથી ભાગવા લાગ્યો હતો જેથી ગોળી ચલાવવી પડી હતી. હજુ સુધી મૃત તસ્કરની કોઈ ઓળખ સામે નથી આવી.

એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે, અભિયાન દરમિયાન તેના પાસેથી ૨૭ કિગ્રા હેરોઈન પણ મળી આવ્યું હતું. આ હેરોઈનનું આંતરરાષ્ટ્રીય બજારમાં ૧૩૫ કરોડ રૂપિયા જેટલું મૂલ્ય હોવાનો અંદાજો છે.

પ્રવકતાએ જણાવ્યું કે, ૨૩ જાન્યુઆરીના રોજ બીએસએફને ૧૫૦ મીટરની એક ભૂમિગત સુરંગ અંગે જાણ થઈ હતી. આ સુરંગ બીઓપી પંસાર ક્ષેત્રમાં વિધ્વંસક ગતિવિધિઓ કરવા માટે પાકિસ્તાનથી આતંકવાદીઓની ઘૂસણખોરીમાં મદદ કરવા બનાવવામાં આવી હતી.

## ભારત સાથે ટકરાયા બાદ ચીનને અહેસાસ થયો વધુ સારી તૈયારીઓ-ટ્રેનિંગની જરુર



ન્યુ દિલ્હી,

ભારત અને ચીનની વચ્ચે તણાવપૂર્ણ સ્થિતિ અત્યારે પણ ચાલી રહી છે. આ દરમિયાન ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપિન રાવતે નિવેદન આપ્યું છે કે લાઈન ઑફ એક્ચુઅલ કંટ્રોલ પર ગલવાન અને અન્ય જગ્યાએ થયેલી અથડામણ બાદ ચીની સેનાને એ અહેસાસ થયો છે કે તેમને વધારે સારી તૈયારીઓ અને ટ્રેનિંગની જરૂર છે. એક સમાચારપત્ર સાથે વાતચીત કરતા બિપિન રાવતે જણાવ્યું કે, ચીની સૈનિક હિમાલયની પહાડીઓથી વાકેફ નથી, ના તેઓ લાંબા સમય સુધી લડી શકે છે.

ચીની સૈનિકો દ્વારા કરવામાં આવી રહેલી તાજી ગતિવિધિઓ પર બિપિન રાવતે કહ્યું કે, ભારતથી અડીને આવેલી બૉર્ડર પર ચીને સૈનિકોની તહેનાતીમાં બદલાવ કર્યો છે, જે રીતે ગલવાન અને અન્ય વિસ્તારોમાં ભારતીય સેના સાથે તેની અથડામણ થઈ, તેને અહેસાસ થયો કે તેમને સારી તૈયારીઓની જરૂર છે. ગલવાન ઘાટીમાં થયેલી અથડામણ દરમિયાન ચીની સેનાને પહોંચેલા નુકસાનને લઈને સીડીએસએ કહ્યું કે, ચીની સૈનિક નાની લડાઈઓ લડી શકે છે. તેમની પાસે આવા વિસ્તારોમાં યુદ્ધ કરવાનો અનુભવ નથી. જો કે તેમણે એ પણ કહ્યું કે, ભારત સતત ચીનની ગતિવિધિઓ પર નજર રાખી રહ્યું છે. ભારતીય સેના સતત એક્ટિવ છે. ભારતીય સેનાની તૈયારીઓને લઈને બિપિન રાવત બોલ્યા કે, ભારતીય સેનાના જવાનોએ સારી તૈયારીઓ કરી છે અને સ્થિતિને સમજી છે. પહાડી વિસ્તારોમાં આપણી સેના ચીની સેનાની સરખામણીએ વધારે સારી છે. નૉર્થ ફ્રન્ટને લઈને બિપિન રાવતે કહ્યું કે, સેના માટે વેસ્ટ અને નૉર્થ બંને ફ્રન્ટ ઘણા જરૂરી છે. જો કે હાલમાં નૉર્થન ફ્રંટમાં કેટલીક એક્ટિવિટી વધી છે. ઉલ્લેખનીય છે કે ચીનની સાથે લદ્દાખ સરહદમાં ચાલી રહેલો તણાવ અત્યારે સંપૂર્ણ રીતે ખત્મ નથી થયો. બંને દેશો વચ્ચે વાતચીતનો ક્રમ ચાલું રાખવાનો પ્રયત્ન છે, પરંતુ ભારતીય સેના અત્યારે પણ સીમા પર છે.

## અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમના ભાઈ ઈકબાલ કાસકરની ડ્રગ્સ સપ્લાય કેસમાં ધરપકડ

મુંબઈ,

અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમના ભાઈ ઈકબાલ કાસકરની મુંબઈ નારકોટિક્સ કંટ્રોલ બ્યુરો એટલે કે એનસીબી દ્વારા બુધવારે ધરપકડ કરવામાં આવી છે. ડ્રગ્સ કેસમાં પ્રોડકશન વોરંટ ઉપર ઈકબાલ કાસકરની ધરપકડ કરવામાં આવી છે. હાલમાં જ એનસીબીએ ચરચની બે કંસાઈનમેન્ટ પકડ્યા હતા. જેને પંજાબના લોકો કાશ્મીરથી મુંબઈ બાઈક પર લઈને આવ્યા હતા. આ કેસમાં લગભગ ૨૫ કિલો ચરસ પકડવામાં આવ્યું હતું. આ કેસમાં આગળની તપાસ દરમિયાન એનસીબીને તેમાં અંડરવર્લ્ડ સાથે તાર જોડાયેલા હોવાનું જાણવા મળ્યું હતું. જેના કારણે અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમના ભાઈ ઈકબાલ કાસકરની કસ્ટડી એનસીબીએ લીધી છે. ઈકબાલને થોડી વારમાં નસીબીની ઓફિસે લઈ જવામાં આવશે. કેસની તપાસ



દરમિયાન એનસીબીને ટેરર ફંડિંગ અને ડ્રગ્સની સપ્લાઈ માટે અંડરવર્લ્ડ સાથે જોડાયેલા સબૂત મળ્યા હતા. જેના આધાર પર એનસીબીએ મુંબઈમાં અનેક જગ્યાઓ પર રેઈડ પાડી હતી. ધરપકડ કરાયેલા આરોપીઓ સાથેની પૂછપરછ અને ચરસની સપ્લાઈના કનેકશન દાઉદ ઈબ્રાહીમના ભઆઈ ઈકબાલ કાસકર સુધી પહોંચ્યા બાદ ઠાણે જેલમાં બંધ ઈકબાલ કાસકરની એનસીબી દ્વારા કસ્ટડી લેવામાં આવી છે.

## કોંગી નેતા હાર્દિક પટેલને મોટી રાહત: રાજ્ય બહાર જવા સેશન્સ કોર્ટે લીલીઝંડી આપી

અમદાવાદ,

કોંગ્રેસ નેતા હાર્દિક પટેલને મોટી રાહત મળી છે. હાર્દિક પટેલને વર્ષ ૨૦૨૨ની ચૂંટણી પહેલા મોટી રાહત આપવામાં આવી છે. સેશન્સ કોર્ટે હાર્દિક પટેલને ૧ વર્ષ માટે રાજ્યની બહાર જવા માટે લીલી ઝંડી આપી દીધી છે. ૧ વર્ષ માટે રાજ્ય બહાર જવા માટે હાર્દિક પટેલને કોર્ટની પરવાનગી અપાઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજદ્રોહ કેસમાં હાર્દિક પટેલને રાજ્યની બહાર ન જવાની શરતે કોર્ટે



જામીન મંજુર કર્યા હતાં. અગાઉ પણ કોર્ટે રાજ્યની બહાર જવા માટે પરવાનગી આપી હતી. રાજદ્રોહ કેસની સુનાવણીમાં હાર્દિક સહકાર આપશે તેવી હાર્દિકે રજૂઆત કરી હતી.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

પટેલ એ. જી.

મુ. પરમપુરા, તા. લુણાવાડા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ઓમ સ્વ. સાંઈ. સહાય જૂથ

મુ. વિરણીયા, તા. લુણાવાડા

**Baroda Gujarat Gramin Bank**

Regional Office : "Kalindi", 1, Mahavir Jain Society, Godhra-389001. Panchmahal Ph. : 02672- 242438 website : www.bggb.in

**Sale Notice of Vehicles through E-Auction**

Here by interested person can apply for the E-Auction on **14/07/2021** for below mentioned vehicle seized by the bank of the borrower who failed to repay the bank overdue strictly on **"as is where is", "as is what is" and " Whatever there is "** towards recovery of bank's secured debit plus costs, charges and future interest thereon as per details given below. The auction will be online E-auction through **website:https://sarfaesi.auctiontiger.net on 14/07/2021 between 11:00 am to 01:00 pm.** (Also available on Auction Tiger Mobile App)

| S. N. | Branch Name | Description of the Vehicle | Registration Number | Minimum Reserve Price | Deposit Amount | Place of Survey |
|---|---|---|---|---|---|---|
| 1. | Duma 9099007098 | Tractor Messey 241 DI | GJ06DH7516 | 180000 | 18000 | Varadhari, Behind Bank of Baroda, Lunawada Mob. :9979669170 |
| 2. | Duma 9099007098 | Trailor | GJ06UU9332 | 45000 | 4500 | Varadhari, Behind Bank of Baroda, Lunawada Mob. :9979669170 |
| 3. | Lunawada 9099007103 | Car Swift Dzire VDI | GJ17TT8916 | 225000 | 22500 | Pawan Auto, Godhra Mob. 9979669170 |

All the Taxes / GST as per govt.rules applicable shall be payable by the purchaser on sale of movable / immovable assets. For detailed terms and conditions of sale, please refer to the link provided in **https://bggb.in/e_auction.php** Prospective bidders may submit bid form along with remittance of Deposit Amount (EMD) through RTGS / NEFT in the account No. : **30780013201017** favoring "BGGB Godhra" IFSC Code-BARB0BGGBXX by **03/07/2021 up to 04:00 pm.**

The borrowers / guarantors / mortgagors are here given notice to pay the total dues along with up to date interest and ancillary expanses before the date of auction, failing which the vehicle will be auctioned / sold and balance, if any will be recovered with interest and cost.

Place : Godhra
Date : 24/06/2021

(Authorised Officer)
Baroda Gujarat Gramin Bank

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લા કલેકટર તરીકે નવનિયુક્ત ડો.મનીષકુમારે પદભાર સંભાળ્યો


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,
મહીસાગર જિલ્લા કલેકટર તરીકે નવનિયુક્ત ડો.મનીષકુમાર બંસલે પદભાર સંભાળતા જિલ્લા વહીવટી તંત્રએ તેમને આવકાર્યા હતા. જિલ્લા કલેકટર તરીકેનો પદભાર સંભાળનાર ઉત્સાહી યુવા ડો.મનીષકુમાર બંસલ વર્ષ ૨૦૧૩ માં આઇ.એ.એસ. તરીકે પસંદગી પામ્યા બાદ સાબરકાંઠા જિલ્લામાં તાલીમ, આણંદ જિલ્લાના બોરસદમાં પ્રાંત અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારી તરીકે સુરેન્દ્રનગર-દેવભુમિ દ્વારકા જિલ્લાઓમાં તેમજ અમદાવાદમાં પ્રાદેશિક મ્યુનસિપાલિટી કમિશનર સહિતના અનેક મહત્વપૂર્ણ હોદ્દાઓની જવાબદારી સંભાળી ચુકયા છે.

મૂળ રાજસ્થાનના ગંગાનગરની ડી.એ.વી. સ્કૂલના વિદ્યાર્થી ડો.મનીષકુમારે બિકાનેરની સરદાર પટેલ મેડિકલ કોલેજમાંથી એમ.બી.બી.એસ. કર્યું છે. પહેલા આઈઆરએસ અને પછી આઈએએસ બનનાર ગુજરાત કેડરના ડો.મનીષકુમારની પત્ની ડો. રિચા પણ ગુજરાત સરકારના આરોગ્ય વિભાગમાં તબીબ તરીકે પણ પ્રશંસનીય સેવાઓ આપી રહ્યા છે.

મહીસાગર જિલ્લા કલેકટરનો પદભાર સંભાળતા ભાવુકતાથી ડો.મનીષકુમારે તેમના સ્વર્ગસ્થ પિતા, માતા અને પરિવારના તમામ સભ્યોના આશીર્વાદ અને સ્નેહને આ મહત્વપૂર્ણ પદ સુધી પહોંચવાનો શ્રેય આપ્યો હતો.

કલેક્ટરએ જણાવ્યું હતું કે, આ જિલ્લો તેમના માટે નવો છે. જિલ્લાના વિવિધ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ સાથે પરામર્શ કરી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે રોડ મેપ તૈયાર કરી મહીસાગર જિલ્લાને અગ્રીમ હરોળમાં લઈ જવાની નેમ વ્યકત કરી હતી. તેમણે જિલ્લાવાસીઓને પોતાની પૂર્ણશકિતથી કાર્ય કરી હકારાત્મક અભિગમ અપનાવી જનસેવા માટે પ્રયત્નશીલ રહેવાની ખાત્રી આપી હતી.

# મહીસાગર જિલ્લા માટે આજે સતત ત્રીજા દિવસે રાહતના સમાચાર : સતત ત્રીજા દિવસે કોરોનાનો એક પણ કેસ નહીં

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર ર્ડા. મનીષકુમાર અને જિલ્લા વિકાસ અધિકારીકે. ડી. લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લા માટે આજે સતત ત્રીજા દિવસે પણ રાહતના સમાચાર આવ્યાક છે. જિલ્લાખમાં નવો કોરોનાનો એક પણ કેસ નોંધાવા પામેલ નથી.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૩-૦૬-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૭૪૯૧ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લાવમાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી લુણાવાડા તાલુકાની ૦૧સ્ત્રીઅને સંતરામપુર તાલુકાની ૦૧ સ્ત્રીએ કોરોનાને મ્હાંત આપતા તેમને રજા આપવામાં આવતાં તેઓ સ્વ સ્થ થઈને સ્વ ગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૭૪૧૧ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૨ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૫૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૭૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/ કોરોનાના કુલ ૨૮૦૨૧૯ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. જયારે ૨૦૭ વ્યક્તિઓને હોમ કવોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૬ દર્દી હોમ આઈસોલેશનમાં, ૦૧ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૦૭ દર્દીઓ સ્ટેબલ છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા.૨૪-૦૬-૨૦૨૧, ગુરૂવાર, જેઠ વદ-પૂનમ, સૂર્યોદય-૫-૨૪, સૂર્યાસ્ત-૭-૨૨, જૈન નવકારશી-૮-૧૦,
આજની રાશિ : વૃશ્ચિક (ન.ય.), નક્ષત્રઃ જયેષ્ઠા

- શુભ ચોઘડીયા -
અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

# લુણાવાડાના ઉંદરા ગામે પતિ અને સાસુ-સસરાના ત્રાસથી પરિણિતાએ કુવામાં પડી આપઘાત કર્યો

લુણાવાડા,
મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના ઉંદરા ગામે એક મહિલાએ તેમના પતિ તેમજ સાસુ-સસરા દ્વારા માનસિક ત્રાસ આપતા સહન ન થતાં ગામના કુવામાં ડુબીને આત્મહત્યા કરી હતી.

મહિસાગર જિલ્લાના સાયબાભાઈ મોતીભાઈ પગીની દિકરી મનીશાબેનના લગ્ન બે વર્ષ પહેલા વિરપુર તાલુકાના સરાડિયા ગામે શૈલેષભાઈ કાંતિભાઈ સોલંકી સાથે થયા હતા. તા.૧૫/૦૬/૨૧ના રોજ શૈલેષભાઈ તથા કાંતિભાઈ દલાભાઈ સોલંકી બાઈક લઈ ઉંદરા ગામે આવી સાયબાભાઈ મોતીભાઈ પગીને કહ્યુ હતુ કે, તમારી દિકરી મનીશાને તમારા ઘરે મુકવા આવ્યા હતા.હવે અમારે તમારી દિકરી મનીશા જોઈતી નથી તેમ કહી જતા રહ્યા હત. તે બાદ સાયબાભાઈ તથા કુટુંબના માણસોએ મનીશાબેનને પુછ્યુ હતુ કે, શુ થયુ ત્યારે મનીશાબેને કહ્યુ હતુ કે, તેમના સાસુ-સસરા અને પતિ કહેતા હતા કે તુ હવે અમારે નથી જોઈતી તારે લગ્નના બે વર્ષ થવા છતાં વસ્તારમાં કંઈ નથી. તેમ કહી માનસિક-શારીરિક ત્રાસ આપી ત્રણેય ભેગા થઈ માર માર્યો હતો. બીજા દિવસે સાયબાભાઈની પત્નિ તથા તેમનો દિકરો સચિન દોડતા આવીને સાયબભાઈને જણાવ્યુ હતુ કે, ગામના રતીલાલ પંચાલના કુવા નજીક મનીશાના ચપ્પલ તથા ઓઢણી પડેલ છે તેથી સાયબાભાઈ તથા જતાં ગામમાંથી બીજા માણસો આવતા લોખંડની બિલાડી નાંખતા મનીશાબેનના હાથની બંગડી બિલાડીમાં ભરાઈ જતાં લાશ ઉપર આવી હતી.

જે લાશ કાઢી લુણાવાડા સરકાર દવાખાને પોસ્ટમોર્ટમ માટે મુકી હતી. બનાવની સાયબાભાઈ મોતીભાઈ પગીએ કોઠંબા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા કોઠંબા પોલીસે ફરિયાદ નોંધી આગળ કાર્યવાહી હાથ ધરી હતી.

# કાલોલ અને હાલોલમાં બે માર્ગ અકસ્માતની ઘટનામાં ત્રણ વ્યકિતના મોત



કાલોલ,
કાલોલમાં આવેલ બોરૂ ટર્નીંગ હાઈવે પર એસ.ટી બસ અને બાઈક વચ્ચે આઘાતજનક અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલક રમેશભાઈનુ ઘટનાસ્થળે જ મૃત્યુ નિપજ્યું છે. પોલીસે એસ.ટી.બસના ચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

કાલોલ તાલુકાના બોરૂ ગામમા રહેતા રમેશભાઈ માનાભાઈ વણકર આજે અંદાજિત દસ એક ના સમય પર પોતાનો મોટરસાયકલ લઈને કાલોલ જી.આઈ.ડી.સી.માં આવેલ ક્રિષ્ના કંપનીમાં નોકરી પર ફરજ બજાવવા જતા દરમિયાન કાલોલ વિસ્તારમાં આવેલ બોરૂ ટર્નીંગ હાઈવે રોડ ક્રોસ કરતાં હાલોલ તરફથી કાલોલ તરફ આવતી એસટી બસ પૂર ઝડપે આવી રહી હતી.જેના કારણે બસ ચાલકે બાઈકને અડફેટમાં લેતા આગલા ટાયરમાં આવી જતા અકસ્માત સર્જાયો હતો.જે અકસ્માતમાં બાઈક ચાલક રમેશભાઈ માનાભાઈ વણકર ના માથાના ભાગે ગંભીર ઈજાઓ થવાના કારણે ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મુત્યુ થયું હતું. આ અકસ્માતના બનાવની જાણ થતા પોલીસ ઘટના સ્થળે દોડી જઈ મુતદેહ કબજે કરી પોસ્ટમોર્ટમની કાર્યવાહી હાથ ધરી હતી. જ્યારે એસટી બસના ડ્રાઈવર સામે ગુનો નોંધ્યો છે. એસટીબસ ને સ્થળ પર મૂકી દેવામાં આવી હતી અને બસ ભરૂચ ડેપોની હોય અને દાહોદ તરફ જતી હોવાથી તેમાંથી મુસાફરોને ઉતારી અન્ય બસ મારફતે કાલોલ બસ સ્ટેશન પર પહોંચાડવામાં આવ્યા હતા.

હાલોલ પનોરમાં ચોકડી પાસે હાલોલ તરફથી કાલોલ જતાં બરોલાના બે યુવાનો બાઈક લઈને પસાર થતાં હતાં. આ સમય દરમ્યાન હાલોલ પનોરમાં પાસે આવેલમાં મોગલનાં મંદિરના ગેટ સામે જ મંગળવારની મોડી રાત્રે બાઈક પર સવાર બંને યુવાનો બાઈક લઈને પટકાતાં નજીકના મંદિર ખાતે આવેલા દર્શનાથી ઓ પહોંચી ગયાં હતાં. કોઈ અજાણ્યા વ્યક્તિ એ ૧૦૮ ને ફોન કરાતાં ઘટનાં સ્થળે ૧૦૮ પહોંચી જોતાં બંને યુવાનો બાઈક સાથે રોડ પર ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં જોવા મળ્યા હતાં. પરંતુ૧૦૮ના આવતાં પહેલાં જ બંને યુવાનોએ દેહ છોડી દિધો હોવાનું તબીબ દ્વારા જાણવા મળ્યું હતું . જેની હાલોલ પોલીસ ને જાણ કરી હતી. જોકે પોલીસ ફરીયાદ માં તેના પરીવાર દ્વારા બાઈક સ્લીપ ખાઈ ગયાં હોવાનું જણાવતાં પોલીસે અકસ્માત ગુનો નોંધાયો હતો. જોકે બંને યુવાનો કાલોલ તાલુકાના બરોલા ગામના મોટાફળીયામાં રહેતાં હતાં. જેમાં જયપાલકુમાર લાલભાઈ રાઠોડ ઉ.વ.૧૯ અને વનરાજસિંહ નરપતસિંહ જાદવ ઉ.વ.૨૭ આમ એક ખોબચા જેવડાં ગામના એક જ ફળિયાના બે યુવાનોનું અકસ્માત સર્જાતા મુત્યુ પામતા બરોડા ગામમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.બરોલા ગામનાં જયપાલ અને વનરાજ સવારથી જ માતાજીનાં મંદિરે દર્શન કરવાં નિકળી ગયાં હતાં. મોડી રાત્રે બંને મિત્રો ના મુતદેહ ના વાવડ મળતાં દુઃખદ ઘટના બની હતી. પોલીસ કાર્યવાહી બાદ પોસ્ટમોર્ટમ બાદ બંને યુવાનોની મૃતદેહ પરીવાર જનોને સોંપતા બરોલાગામમાં બંને મિત્રોની અંતિમયાત્રા નિકળતાં ગ્રામજનોમાં શોકની લાગણી વ્યાપી ગઈ હતી. જોકે અકસ્માતની પરીવાર જણોએ આસપાસના દુકાનોનાં સી.સી.ટી.વી. કેમેરા તપાસ કરતાં રોડ પરથી પસાર થતા એક ટ્રેક્ટર પાછળ બાઈક ભરાઈ ગઈ હોવાનું CCTV ફુટેજમાં જણાઈ આવે છે. હવે સાચી હકીકત પોલીસ તપાસ પછી જ જણાય આવે તેમ છે.

# ગોધરામાં વાહનોમાંથી CNG ગેસ ટાંકી ચોરતી ગેંગ સક્રિય : બામરોલી વિસ્તારમાંથી બે ટાંકીની ચોરી

ગોધરા,
ગોધરા શહેરમાં કારમાંથી સીએનજી ગેસની ટાંકી ચોરતી ગેંગ સક્રિય બની છે. બામરોલી રોડ વિસ્તારમાંથી બે કારમાંથી ગેસની ટાંકીઓની ચોરી કરી હતી. વિતેલા દિવસોમાં અન્ય સ્થળેથી પણ સીએનજી ટાંકીઓની ચોરી થઈ હોવાનુ જાણવા મળ્યુ હતુ.

બામરોલી રોડ ઉપર આવેલી મુકતાનંદ સોસાયટીમાં તસ્કરોએ પાર્ક કરેલી બે કારને નિશાન બનાવી હતી. તસ્કરોએ એક મારૂતિ વાનનો પાછળનો દરવાજો ખોલી બિન્દાસ્ત રીતે સીએનજી ગેસની ટેંકના બોલ્ટ ખોલી ચોરી કરી હતી. એવી જ રીતે અન્ય એક કારનો દરવાજો એવી જ રીતે તોડી ખોલ્યા બાદ સીએનજીની ટાંકીની ચોરી કરી હતી. બંને કારમાંથી સીએનજી ગેસની ટાંકીની ચોરી થયા અંગેની જાણ ગોધરા શહેર એ-ડીવીઝન પોલીસને કરવામાં આવતા પોલીસે આગળ કાર્યવાહી હાથ ધરી હતી.

# હવે શાળાઓના વર્ગોમાં બાળકોનો કિલકિલાટ સંભળાશે, ૨ માસમાં થશે નિર્ણય



ગાંધીનગર,
ગુજરાતમાં કોરોના પોઝિટિવ કેસમાં સતત ઘટાડો આવી રહ્યો છે. છેલ્લાં ૨૪ કલાકની જો વાત કરવામાં આવે તો સમગ્ર રાજયમાં કુલ ૧૩૫ જેટલા જ પોઝિટિવ કેસો સામે આવ્યાં હતાં. ત્યારે આજે રાજયના મુખ્યપ્રધાન વિજય રૂપાણીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં કોરોના કેસમાં સતત ઘટાડાને કારણે હવે રાજ્ય સરકાર દ્વારા શાળાઓ શરૂ કરવા બાબતે ગંભીર ચર્ચા કરવામાં આવી હોવાનું સૂત્ર તરફથી સામે આવી રહ્યું છે. જેમાં હવે રાજ્ય સરકાર પણ શાળાઓ શરૂ કરવાના હકારાત્મક મિજાજમાં જોવા મળે છે.

રાજયના મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ તાજેતરમાં મળેલી કેબિનેટ બેઠકમાં આગામી બે માસ દરમિયાન રાજયની પ્રાથમિક શાળાઓ તથા ઉચ્ચતર અને માધ્યમિક શાળાઓ શરૂ કરવા માટેની તજવીજ હાથ ધરવામાં આવી હોવાની માહિતી સૂત્રો તરફથી સામે આવી હતી. આ બાબતે પ્રાથમિક ચર્ચા પણ કરવામાં આવી હતી. કોરોનાવાયરસની ત્રીજી રહેલી આશંકાને લઈને હજી સુધી રાજ્ય સરકારે કોઈ પ્રકારનો નિર્ણય કર્યો નથી. પરંતુ આગામી બે માસ સુધી હજુ પણ કોરોનાવાયરસના પોઝિટિવ રેટ પર નજર રાખવામાં આવશે અને ત્યારબાદ બે મહિના બાદ રાજ્ય સરકાર દ્વારા શાળા શરૂ કરવા અંગેનો નિર્ણય લઈ શકાય છે.

રાજ્ય સરકાર દ્વારા ત્રીજી લહેરને લઈને પણ તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે એકશન પ્લાન પણ જાહેર કરી દેવામાં આવ્યું છે ત્યારે આજની કેબિનેટ બેઠકમાં શાળા શરૂ કરવા બાબતે ચર્ચા થઈ હોવાની વાત સામે આવી રહી છે. ત્યારે જો બે મહિનાની અંદર રાજ્યમાં ત્રીજી લહેર આવશે તો દિવાળી સુધી રાજ્યમાં ફક્ત ઓનલાઈન શિક્ષણ જ કાર્યરત રાખવામાં આવશે. ઓફલાઈન શિક્ષણ સ્થગિત કરી દેવામાં આવશે અને ત્યારબાદ ફરીથી રીવ્યૂ કરીને શાળાઓ શરૂ કરવા બાબતની ચર્ચા વિચારણા રાજ્ય સરકાર દ્વારા શરૂ કરવામાં આવશે.

# ધાનપુરના કાંટુ ગામે છકડોમાં જતા દંપતિને બોલેરોમાં આવેલ ઈસમો એ મારમારી પતિનું અપહરણ

દાહોદ,
દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના કાટું ગામે પતિ - પત્નિ બંન્ને પોતાના કબજાના છકડો ઓટો રીક્ષા બેસી પસાર થઈ રહ્યાં હતા. તે સમયે એક બોલેરો ગાડીમાં સવાર થઈ આવેલા બે વ્યકિતઓએ છકડો ઓટો રીક્ષા ઉભી કરાવી દંપતિન સાથે અગમ્યકારણોસર ઝઘડો તકરાર કરી પતિને માર મારી પોતાના કબજાની બોલેરો ગાડીમાં બેસાડી અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે પત્નિ દ્વારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

ગત તા.૨૨મી જુનના રોજ ધાનપુર તાલુકાના ઝાબુ ગામે નિશાળ ફળિયામાં રહેતાં માજુભાઈ ચીમનભાઈ પરમાર અને તેમની પત્નિ વનીતાબેન માજુભાઈ પરમાર એમ બંન્ને જણા પીપેરો ગામે ખાતરની ખરીદી કરીને પરત પોતાના કબજાના છકડા ઓટો રીક્ષામાં બેસી ઘરે જતાં હતા. આ દરમ્યાન બપોરના બાર વાગ્યાના આસપાસ કાટું ગામે રહેતાં રમેશભાઈ વરસીંગભાઈ પરમાર અને મુકેશભાઈ ઉર્ફે માજુભાઈ પરમાર બંન્ને પોતાના કબજાની બોલેરો ગાડી લઈ ઉપરોકત દંપતિ પાસે આવ્યાં હતાં અને તેઓનો ઓટો રીક્ષા છકડો ઉભો કરાવી તેઓની સાથે અગમ્યકારણોસર ઝઘડો તકરાર કરવા લાગ્યાં હતાં અને એકદમ ઉશ્કેરાઈ જઈ માજુભઆઈને બેફામ ગાળો બોલી ગડદાપાટ્ટુનો માર મારી બોલેરો ગાડીમાં બેસાડી લઈ ભાગી ગયાં હતાં.

આ સંબંધે વનીતાબેન માજુભાઈ પરમારે ઉપરોક્ત બંન્ને ઈસમો વિરૂધ્ધ ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ પંકજ સોસાયટીમાં કોરોનાકાળમાં મૃત્યુ પામેલ મૃતકોમાં રાજશામાજી ટ્રસ્ટ દ્વારા શોકાંજલી કાર્યક્રમ યોજાયો

દાહોદ,
દાહોદમાં પંકજ સોસાયટીમાં કોરોના કાળ દરમિયાન અવસાન પામેલા એવા ૨૪ જેટલા દિવંગત આત્માઓ કે જેમની લૌકિક રીતિ-બેસણું, બારમું જેવી સામાજિક તથા લૌકિક રીતિઓ થવા પામી ન હતી. જેને ધ્યાને રાખી રાજશામાજી સેવા ટ્રસ્ટ દાહોદ દ્વારા એક શોકાંજલી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર કાર્યક્રમ ફેસબુકના માધ્યમથી ઝક્ષહશક્ષય રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સમાજના લોકોએ ફેસબુકના માધ્યમથી પોતાની અંજલી પાઠવી હતી. કાર્યક્રમનો આરંભ સમાજના વડીલો ગોપાલભાઈ ધાનકા, દેવચંદભાઈ સોલંકી, વિરચંદ ભાઈ મકવાણા, ટ્રસ્ટના પ્રમુખ મણીબેન ધાણકા વગેરેના હસ્તે દિપક પ્રગટાવીને કરાવવામાં આવી હતી. ત્યારબાદ દિવંગત આત્માઓના ફોટાઓને ફૂલહાર દ્વારા શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. ત્યારબાદ શાબ્દિક શ્રદ્ધાંજલિ સમાજના વડીલો ગોપાલભાઈ ધાનકા દ્વારા, ઈશ્વરભાઈ પરમાર દ્વારા, ટ્રસ્ટના પ્રમુખ મણીબેનધાનકા દ્વારા, કાલીદાસભાઈ પરમાર દ્વારા તથા યોગેશભાઈ પરમાર દ્વારા આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ટ્રસ્ટના મંત્રી દેવેન્દ્ર કુમાર પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. અને અંતે આભારવિધી ચિંતનકુમાર ડાભી દ્વારા કરવામાં આવી હતી.

## દૈનિક રાશીફળ

તા.૨૪.૦૬.૨૦૨૧ ગુરૂવાર

મેષ (અ.લ.ઈ.):- ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. તાણભર્યો સમય પ્રવર્તશે પણ પરિવારનો સહકાર તમને મદદ કરશે. તમે આજે પ્રેમનું પ્રદૂષણ ફેલાવશો.

વૃષભ(બ.વ.ઉ.):- તમારા મગજમાં હકારાત્મક વિચારો લાવો. આજે વધુ એક ઉચ્ચ-ઊર્જાયુક્ત દિવસ છે તથા અણધાર્યા લાભની શક્યતા છે. તમે જેની સાથે રહો છો એમાથી કોઈ તમારાથી નારાજ છે કેમ કે તમે તમારી ઘરને લગતી ફરજોને નજરઅંદાજ કરી રહયા છો.

મિથુન(ક.છ.ઘ.):- એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. આજે પાર્ટી માં તમારી મુલાકાત કોઈ એવા માણસ થી થયી શકે છે જે તમને નાણાકીય પક્ષ મજબૂત કરવા માટે મહત્વપૂર્ણ સલાહ આપી શકે છે. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે.

કર્ક(ડ.હ.):- તમારા દિવસની શરૂઆત થોડાક વ્યાયામ સાથે કરો-તમે તમારી જાત અંગે સારી અનુભૂતિ કરો એ સમય આવી ગયો છે-તેને તમારી દૈનિક ક્રિયાનો નિયમિત હિસ્સો બનાવો અને તેને વળગી રહો. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો.

સિંહ(મ.ટ.):- આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો. તમારી નિકટના લોકો અંગત સ્તરે સમસ્યાઓ ઊભી કરશે. પ્રવાસને કારણે રોમેન્ટિક સંબંધોને વંગ મળશે.

કન્યા(પ.ઠ.ણ.):- તમારે તમારી લાગણીઓ પર અંકુશ મુકવો પડશે તથા તમારા ભયથી બને એટલી જલ્દી મુક્તિ મેળવવી પડશે, કેમ કે તમારા સ્વાસ્થ્ય પર તેના પર તરત અસર પડવાની શક્યતા છે તથા સારા સ્વાસ્થ્યનો આનંદ લેવાના તમારા માર્ગમાં તે અંતરાય બની શકે એવી શક્યતા જોવાય છે.

તુલા(ર.ત.):- તમારા અણધાર્યા સ્વભાવને તમારા વૈવાહિક સંબંધ પર અસર કરવા ન દો.આ બાબતને ટાળવાનો પ્રયાસ કરો ન્યથા તમે પછીથી પસ્તાશો. આર્થિક બાબતોમાં ચોક્કસ સુધારો થશે-પણ તેની સાથે જ ખર્ચમાં પણ વધારો થશે. પરિવારના સભ્યો સાથેના મતભેદો દૂર કરીને-તમે તમારા ધ્યેયોને આસાનીથી પ્રાપ્ત કરી શકશો.

વૃશ્ચિક(ન.ય.):- સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ધનને તમારી આંગળીઓ વચ્ચેથી સરકી જવા ન દેતા. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે.

ધન(ભ.ધ.ફ.ઢ.):- તાણ નાનકડી બીમારીમાં પરિણમી શકે છે. આરામદાયક મહેસૂસ કરવા માટે મિત્રો તથા પરિવારના સભ્યો વચ્ચે બેસો. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. પરિવારના સભ્ય ોતમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે.

મકર(ખ.જ.):- તમારા અણધાર્યા સ્વભાવને તમારા વૈવાહિક સંબંધ પર અસર કરવા ન દો.આ બાબતને ટાળવાનો પ્રયાસ કરો ન્યથા તમે પછીથી પસ્તાશો. આર્થિક બાબતોમાં ચોક્કસ સુધારો થશે-પણ તેની સાથે જ ખર્ચમાં પણ વધારો થશે. પરિવારના સભ્યો સાથેના મતભેદો દૂર કરીને-તમે તમારા ધ્યેયોને આસાનીથી પ્રાપ્ત કરી શકશો.

કુંભ(ગ.શ.સ.):- તમારી જાતને એવી પ્રવૃત્તિઓમાં મશગુલ રાખો જે તમને તમારૂં મગજ શાંત રાખવામાં મદદરૂપ થાય. તમારી રચનાત્મક પ્રતિભાનો યોગ્ય ઉપયોગ લેવાશે તો તે ખૂબ જ આકષર્ષક સાબિત થશે. તમારા નવા પ્રૉજેક્ટ્સ તથા યોજનાઓ વિશે તમારા ભાગીદારને વિશ્વાસમાં લેવા માટે પણ આ સમયગાળો સારો છે.

મીન(દ.ચ.ઝ.):- દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો। આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે। જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપવું જોઈએ। તમારી પત્નીની સિદ્ધિને બિરદાવો અને તેની સફળતા અને સારા ભાગ્યનો આનંદ માણો.

# દાહોદ જિલ્લામાં વાવણી લાયક વરસાદ ન થવા છતાં ધરતીપુત્રોએ ભગવાન ભરોસે ખેતીકામનો શુભારંભ કર્યો



દાહોદ,

દાહોદ જિલ્લામાં ચોમાસુ હજુ જામતું નથી. જ્યારે ગત વર્ષે આ દિવસ સુધીમાં તમામ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ થઇ ચુક્યો હતો. ગુજરાતમાં મોટાભાગના વિસ્તારોમાં મેઘમહેર શરૂ થઇ ચુકી છે. ઘણે ઠેકાણે તો પહેલા દિવસથી જ મૂશળધાર વરસાદ પડવાને કારણે રહેણાંક વિસ્તારોમાં જાણે નદીઓ વહેતી હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. જેથી રાજયમાં ધરતીપુત્રોએ ખેતીનો શુભારંભ કરી દીધો છે, પરંતુ મધ્ય ગુજરાતમાં હજી મન મુકી વરસ્યા નથી. જેથી દાહોદ જિલ્લામાં પણ હજી ચોમાસુ બેઠું હોય તેમ લાગી રહ્યુ નથી તેમ છતાં ખેડૂતોએ ભગવાનના ભરોસો ખેતીકામની શરૂઆત કરી છે.

દાહોદ જિલ્લામાં ૨ લાખ ૨૨ હજાર હેક્ટર જેટલી ખેતીલાયક જમીન છે. તેની સામે સિંચાઇ સુવિધા નહિવત હોવાથી ખેડૂતોએ વરસાદ આધારિત જ ખેતી કરવી પડે છે. જિલ્લાનો મુખ્ય પાક અને ખોરાક મકાઇ છે અને તેની ખેતી ખરીફ ઋતુમાં જ થાય છે. ત્યારે હવે વરસાદ વરસશે ત્યારબાદ મહત્તમ વાવેતર મકાઇનું કરવામાં આવશે.

ગત વર્ષે આ સમયે તો જિલ્લામાં વાવેતરની કામગીરી પૂરજોશમાં શરૂ થઇ ગઇ હતી કારણ કે ૨૧ જૂન ૨૦૨૦ સુધીમાં જિલ્લામા ૩૮૭ મીમી વરસાદ વરસી ચુક્યો હતો. જેમાં દાહોદ તાલુકો ૧૨૪ મીમી સાથે મોખરે હતો. બીજી તરફ આ ચોમાસે ૨૧ જૂન સ,સુધીમાં માત્ર ૧૪૬ મીમી વરસાદ થયો હોવાથી ખેડૂતો આશાભરી નજરે આકાશે મીટ માંડીને બેઠા છે. આ સમયે જો વરસાદ થઇ જાય તો વાવણી માટેનો આદર્શ સમયગાળો છે. ત્યારે આ સપ્તાહમાં મેઘમહેર થઇ જાય તે ઇચ્છનિય છે. ઘણાં તાલુકાઆતો હજીએ કોરાધાકોર છે. તેમ છતાં જિલ્લામાં ખેડૂતોએ સકારાત્મક રીતે ખેતીની તૈયારીઓનો શુભારંભ કરી દીધો છે.

દાહોદ જિલ્લામાં ગત વર્ષ કરતાં આ દિવસોમાં સરખામણીએ બહુ જ ઓછો વરસાદ થયો છે. દાહોદ તાલુકામાં તો ગયા વર્ષે ભરપુર પાણી વરસ્યું હતું. આ સમય વાવેતર માટે ઘણો મહત્વનો હોય છે. કારણ કે ઘણી વાર પાછલી વાવણીમાં જીવાતો પડવાનો ભય વધારે હોય છે. ત્યારે આ અઠવાડિયામાં વાવેતર અનુરૂપ વરસાદ થઇ જાય તો કામગીરી ઝડપી અને સમયસરની થઇ જાય. જોકે, ખેડૂતોએ ખેતીની તૈયારીઓ તો કરી જ દીધી છે.

દાહોદ જિલ્લામાં ૨૦૨૦મા ૨૧જૂન સુધીમાં દાહોદ તાલુકામાં ૧૨૪મીમી,ગરબાડામાં ૧૫, ઝાલોદમાં ૧૯, દેવગઢ બારીયામાં ૭૦, ધાનપુર તાલુકામા ૪૮, ફતેપુરા તાલુકામાં ૫૧, લીમખેડા તાલુકામાં ૨૨, સંજેલી તાલુકામાં ૬૩ અને સીંગવડ તાલુકામાં ૧૫ મીમી વરસાદ સાથે કુલ ૩૮૭ મીમી વરસાદ થયો હતો.

જયારે ૨૦૨૧માં ૨૧ જૂન સુધીમાં દાહોદ તાલુકામાં ૧૦મીમી,ગરબાડા તાલુકામાં ૧૪ મીમી,ઝાલોદ તાલુકામાં ૨ મીમી, દેવગઢ બાારીયા તાલુકામાં ૪૦ મીમી, ધાનપુરા તાલુકામાં ૯મીમી, ફતેપુરા તાલુકામાં ૧૮ મીમી, લીમખેડા તાાલુકામાં ૪ મીમી. સંજેલી તાાલુકામાં ૫ મીમી અને સીંગવડ તાલુકામા ૨૨ મીમી મળી કુલ ૧૪૬ મીમી વરસાદ જ થયો છે.

# દાહોદ જિલ્લાની સૌથી મોટી કોવિડ ઝાયડસ હોસ્પીટલમાં કોરોનોનો એક પણ દર્દી દાખલ નથી




દાહોદ,

દાહોદ જિલ્લામાં બીજી લહેરમાં તો કોરોનાએ કાળો કેર વર્તાવ્યો હતો. કેટલાયે પરિવારોમાં મોભીઓના મોત થઇ ચુક્યા છે. ત્યારે ઘણાં પરિવારો તો હજીયે શોકમાંથી બહાર આવી શકયા નથી. હાલ કોરોના મામલે જિલ્લામાં રાહત છે. કારણ કે શૂન્ય કેસ આવે છે. પરિણામે દાહોદની સરકારી ઝાયડસ કોવિડ હોસ્પીટલ ખાલીખમ થઇ જતાં તમામ સ્ટાફ પણ જાણે કોઇ વિકરાળ જગ્યાએથી બચીને આવ્યા હોય તેવો હાશકારો અનુભવી રહ્યા છે.

દાહોદ જિલ્લામાં સરકારી આંકડા પ્રમાણે કુલ ૭૧૧૨ વ્યકિતઓ કોરોનાનો ભોગ બની ચુકયા છે. તેમાંથી કોરોના અને કોરોના સહિતની વિવિધ બીમારીઓને કારણે ૩૩૮ લોકોએ જીવ ગુમાવ્યા છે. બીજી લહેરમાં ગામડાઓમાં કેસ વધવાને કારણે કુલ આંકડામાં ગ્રામ્ય વિસ્તારમાં ૪૦૯૩ અને શહેરી વિસ્તારોમાં ૩૦૧૯ કેસ નોંધાયા હતા.

પ્રથમ લહેરમાં કોરોનાના દર્દી શહેરી વિસ્તારમાંથી જ મહત્તમ મળતાં હતા અને મૃત્યુ પણ શહેરી વિસ્તારોમાં જ થતાં હતા પરંતુ બીજી લહેરમાં ચિત્ર બદલાઇ ગયું હતું. દાહોદમાં આવેલી ઝાયડસ હોસ્પીટલ સહિત કેટલીયે ખાનગી હોસ્પીટલને કોવિડ હોસ્પીટલ બનાવી દેવામાં આવી હતી. તેમ છતાં દાખલ થવા માટે કોરોનાના દર્દીઓએ દવાખાને દવાખાને ભટકવું પડતુ હતુ. ઓક્સિજન વાળા બેડ મળતાં ન હતા ત્યારે કેટલાયે દર્દીઓએ જાતે તો કેટલાકે મજબુરીમાં દાહોદ બહાર જઇને સારવાર લીધી હતી.

દાહોદની ઝાયડસ હોસ્પીટલમાં કોરોનાના દર્દીઓ માટે ૩૦૬ પથારીઓનો વોર્ડ બનાવાયો હતો. જે કેટલાયે દિવસો સુધી હાઉસપુલ જ રહ્યો હતો. દવાખાનાની બહાર ૧૦૮ તેમજ ખાનગી એમ્બ્યુલન્સીની કતારો જામતી હતી અને ક્યારે બેડ ખાલી થાય અને દાખલ થવા મળે તેના માટે કલાકો સુધી રાહ જોવી પડતી હતી. ક્યારેક તો પોતાને જીવવા માટે બીજાની મરવાની રાહ જોવી પડે તેવી કરૂણ સ્થિતિનું સર્જન થયુ હતુ.

હાલમાં શહેરની તમામ ખાનગી હોસ્પીટલો પરથી કોવિડ હોસ્પીટલના પાટિયા ઉતરી ગયા છે તેમજ જિલ્લાની સૌથી મોટી ઝાયડસ કોવિડ હોસ્પીટલમાં આજે કોરોનાનો એક પણ દર્દી દાખલ થયેલો નથી. જેથી આ દવાખાનાના તબીબો, પેરામેડીકલ સ્ટાફ અને સફાઇકર્મીઓ પણ રાહત અનુભવી રહ્યા છે.

બજારોમાં ફરીથી ભીડ જામી રહી છે. તેમજ લોકો નિશ્ચિંત થઇ ઘણી વાર કોરોના માર્ગદર્શિકા પણ ભુલી રહ્યા છે. ત્યારે ફરીથી એ જ કપરા દિવસો ન આવે તે નાગરિકોના જ હાથમાં છે. તે સમજી લેવુ અતિઆવશ્યક છે. કોરોનાની ત્રીજી લહેર આવશે તેવી આગાહી પણ થઇ રહી છે. તેમ છતાં રાખવામાં આવતી બેફિકરાઇ ફરીથી દુષ્કર દિવસોમાં ન લઇ જાય તેના માટે સહિયારો પ્રયાસ જ જરૂરી છે.

# દાહોદમાં ભગવાન જગન્નાથજીની ૧૫મી રથયાત્રા કાઢવા માટે આયોજકોએ પરવાનગી આપવા એસડીએમને અરજી કરી

દાહોદ,

દાહોદ જિલ્લામાં કોરોનાએ કાળો કેર વર્તાવતાં વિવિધ પ્રકારે નુકસાન થયુ છે. ગત વર્ષના તમામ ધાર્મિક અને રાષ્ટ્રીય પર્વોની ઉજવણી પર પાણી ફરી વળ્યુ છે. ત્યારે આ વખતે પણ તેવું પુનરાવર્તન ન થાય તેમ સૌ કોઇ ઇચ્છી રહ્યા છે. ત્યારે હવે ૧૨ જુલાઇએ ભગવાન જગન્નાથજીની રથયાત્રા નીકળશે કે ગત વર્ષની માફક જ ઉજવણી કરવી પડશે તેના પર સૌની મીટ મંડાયેલી છે. તેમ છતાં દાહોદમાં રથયાત્રા કાઢવા માટે આયોજકોએ અરજી કરી પરવાનગી માંગી છે.

ગુજરાતની પ્રજા ઉત્સવ પ્રિય છે, પરંતુ કોરોનાને કારણે છેલ્લા બે વર્ષથી કોઇ પણ તહેવાર ઉજવી શકાયો નથી. આસ્થાળુઓ પણ અકળામણ અનુભવી રહ્યા છે. કારણ કે ભકિતભાવના પણ કોઇ જાહેર કાર્યક્રમો યોજાઇ શક્તા નથી. હાલમાં પણ કોરોના ઓસરી ગયો હોવા છતાં મેદની તો એકઠી કરી જ શકાતી નથી. ગત વર્ષે ભગવાન જગન્નાથજીની રથયાત્રા પણ સ્થગિત કરવી પડી હતી. ત્યારે આ વખતે ભાવિકો અને આયોજકો આવનાર રથયાત્રા માટે આશાવાદી છે. કારણ કે જે રીતે કોરોના ઓસરી ગયો છે અને ધીમે ધીમે પરિસ્થિતિ સામાન્ય થઇ રહી છે. ત્યારે કેટલીક મર્યાદાઓ સાથે રથયાત્રાના આયોજનને મંજૂરી મળશે તેમ લાગી રહ્યુ છે.

દાહોદમાં પણ છેલ્લા ૧૪ વર્ષથી ભગવાન જગન્નાથજીની રથયાત્રાનું આયોજન કરવામાં આવે છે. આ વખતે ૧૫મી રથયાત્રા નીકળવાની છે. ત્યારે ભગવાન જગન્નાથજી રથયાત્રા સેવા સમિતિએ રથયાત્રા કાઢવા માટે એસડીએમને લેખીત અરજી કરી છે. તેમાં અષાઢી બીજ, ૧૨ જુલાઇના રોજ સવારે ૮:૩૦ કલાકે હનુમાન બજાર સ્થિત રણછેડરાયજી મંદિરથી રથયાત્રા શરૂ કરી પડાવ ચોક,ગાંધી ચોક,ગોવિંદ નગર ચોક, દેસાઇવાડના રૂટની પરવાનગી માંગવામાં આવી છે. સાંજના ૭ વાગે રથયાત્રા સંપન્ન કરવામાં આવશે ત્યારે હવે તંત્ર પરવાનગી આપે છે કે કેમ અને આપશે તો કેવી શરતોને આધિન રહીને પરવાનગી આપશે તેના પર ઓયોજકો સહિત સમગ્ર શહેરીજનોની મીટ મંડાયેલી છે.

# દે.બારીયા નગર પાલિકાના દ્વારા પ્રિમોન્સુનનું કાર્ય શરૂ કરવામાં આવે છે કે નહિ તે કોણ કહેશે ?



દે.બારીયા,

દે.બારીયા નગર પાલિકા વિસ્તારમાં પ્રિમોન્સુનનું સફાઈ કાર્ય મોન્સુન આવતા પહેલા એક માસ અગાઉ શરૂ કરવામાં આવતો હોય છે. દે.બારીયા પંથકમાં મોન્સુન એ દસ્તક દઈ દીધા છે. પરંતુ પ્રિમોન્સુનની કામગીરી રહેણાંક વિસ્તારો તરફ હજુ સુધી શરૂ કરવામાં આવી નથી. જેવા જાની ફળીયા થી ભે દરવાજા નાળાની કાદવ–કીચડના દ્વારા તથા જુના મહેલ સામેની વરસાદી કાંસ તથા કાંસનું કાર્ય કરવાની રાહ જોઈ રહી છે. શું આ કાંસોનું સફાઈ કાર્ય ખાલી કાગળો ઉપર બતાવી દેવાશે ? તેવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે. તેમજ રાત્રી સફાઈના જે મેન બજાર એટલે સર્કલ થી એક બત્તી સુધીનો રોડ રાત્રી સફાઈમાં પણ બંધ કરી દેવામાં આવી છે. આ રાત્રી સફાઈના બીલો બની ગયા હશે તે તપાસનો વિષય છે. સ્વચ્છ ભારત મીશનના લાભોની ગ્રાન્ટ પાલિકામાં આવે છે. તેનું નિરીક્ષણ કરાય તો ઘણું બધું બહાર આવશે જેથી વડોદરા ઝોનના નાયબ નિયામક જાતે તપાસ કરવા માટે દે.બારીયા નગર પાલિકાની મુલાકાત માટે આવશે ખરા ? તે આવનારો સમય બતાવશે કે તેમના મોઢામાં પણ પતાસું મૂકી દેવાતા મોં અને આંખો બંધ છે.

# સંજેલી રાત્રિ દરમિયાન ફરજ બજાવતા હોમગાર્ડ જવાને સુમોમાં લઈ જવાતો ૨.૨૦ લાખનો દારૂનો જથ્થો ઝડપ્યો

દાહોદ,

સંજેલીથી રાત્રિ દરમિયાન પસાર થતી ઈંગ્લીશ દારૂ ભરેલી વગર નંબરની સુમો ગાડીનો પીછો કરી હોમગાર્ડ જવાનોએ ઝડપી પાડી હતી. દારૂ સહિત ૨.૨૦ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરાતા આ ઘટનામાં હોમગાર્ડને જ ફરિયાદી બનાવવામાં આવ્યો હતો.

સંજેલી તાલુકા મથકે ૯૬ જેટલા હોમગાર્ડ જવાનો ૩૨ પોઈન્ટ પર ફરજ બજાવે છે. રાત્રિ દરમિયાન વધતા જતા વાહન ચોરીના બનાવોને લઈને જિલ્લા હોમગાર્ડ કમાન્ડર સરદારસિંહ બારીયા દ્વારા હોમગાર્ડ જવાનોને રાત્રિ દરમિયાન યોગ્ય ધ્યાન રાખવાની સુચના આપી હતી. જવાનો સજાગ બનતા સંજેલી ચોકડી પરથી એક વગર નંબરની સુમો પુરપાટ ઝડપે પસાર થતાં અગાઉના પોઈન્ટને જાણ કરી અને તેનો પીછો કર્યો હતો. જે પ્રતાપપુરા પેટ્રોલપંપ ખાતે હોમગાર્ડ જવાને રોડ પર ટાયર ગોઠવી વાહનને રોકયુ હતુ. દારૂ ભરેલી ગાડીના ચાલકો હોમગાર્ડ જવાનોને ધમકાવવાનો પ્રયાસ કર્યો હતો જો કે હોમગાર્ડ જવાનોએ એકના બે ન થયા અને નંબર વગરની દારૂ ભરેલી વાહન અને બે વ્યકિતઓને પોલીસ મથકે લઈ ગયા હતા. પોલીસે વાહનમાં તપાસ કરતા રોયલ એક પેટી ક્વાટરિયા ત્રણ પેટી મેકડોનલ્ડસ એક પેટી લંડન પ્રાઈઝ નવ બોક્સ અને માઉન્ટ ૬૦૦૦ બિયર વીસ પેટી મળી કુલ ૧,૫૦,૦૦૦અને ૭ હજારનુ વાહન મળી કુલ રૂ.૨,૨૦,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

# દાહોદ જિલ્લા વિકાસ અધિકારી તરીકે પદભાર સંભાળતા તેજસ પરમાર



દાહોદ,

દાહોદ જિલ્લા વિકાસ અધિકારી તરીકે તેજસ પરમારે પદભાર સંભાળી લીધો છે. આ પૂર્વે તેઓ અમરેલી ખાતે ડીડીઓ તરીકે ફરજ બજાવતા હતા.

મૂળ પાલનપુરના વતની એવા પરમાર શિક્ષણમાં ઉચ્ચ કારકીર્દિ ધરાવે છે. તેમણે સુરત સ્થિત સરદાર વલ્લભભાઇ નેશનલ ઇન્સ્ટિટ્યુટ ખાતેથી મિકેનિકલમાં બીટેકની પદવી હાંસલ કર્યા બાદ ખાનગી કંપનીમાં ઉચ્ચા હોદ્દા ઉપર નોકરી કરી છે. એ બાદ અમદાવાદ ખાતે સરદાર પટેલ પ્રશાસનિક સેવા તાલીમ કેન્દ્રમાં તૈયારી કરી યુપીએસસીની પરીક્ષા પાસ કરી અને ૨૦૧૬માં ભારતીય પ્રશાસનિક સેવામાં જોડાયા છે.

આઇએએસની શરૂઆતની તાલીમ રાજકોટ જિલ્લામાં લીધા બાદ પ્રથમ નિમણૂંક દાહોદ પ્રાંત અધિકારી તરીકે પામ્યા હતા અને ત્યાંથી બઢતી સાથે અમરેલી ડીડીઓ તરીકે દોઢેક વર્ષ તરીકે ફરજ બજાવી છે.

તેઓ દાહોદ જિલ્લાથી સુપરિચીત છે. આજે તેમણે પદભાર સંભાળ્યા બાદ જિલ્લા પંચાયતમાં વિવિધ શાખાધિકારીઓ સાથે બેઠક યોજી હતી અને તેમણે એક ટીમ તરીકે લોકકલ્યાણના કામો કરવા માટે શાખાધિકારીઓને જણાવ્યું હતું.

# દાહોદના અંતરિયાળ વિસ્તારોમાં પણ શિક્ષકો દરેક વિદ્યાર્થીઓ સુધી પહોંચાડી રહ્યાં છે શિક્ષણ



દાહોદ,

કોરોનાકાળમાં શાળામાં શિક્ષણકાર્ય બંધ છે ત્યારે દાહોદના એક પજ્ઞાચક્ષુ શિક્ષકે પોતાની શારીરિક અક્ષમતાને વળોટી જઇ ફળિયે ફળિયે જઇને શિક્ષણની જ્યોતને પ્રજ્વલિત રાખી છે. ગુજરાત–મધ્યપ્રદેશના સીમાડે આવેલા દાહોદના ખંગેલા ગામના પ્રાથમિક શાળાના પજ્ઞાચક્ષુ શિક્ષક હેતલકુમાર કોઠારી વિદ્યાર્થીઓને તેમના ફળિયે જઇને શિક્ષણ આપી રહ્યાં છે. રાજય સરકાર દ્વારા દરેક વિદ્યાર્થી સુધી શિક્ષણ પહોંચે એ માટે ઓનલાઇન શિક્ષણ ઉપરાંત ફળિયા શિક્ષણનો પણ પ્રયોગ કરવામાં આવ્યો છે ત્યારે પજ્ઞાચક્ષુ શિક્ષક હેતલકુમારે તેને યોગ્ય રીતે ઝીલયો છે.

દાહોદનું ખંગેલા ગામ સરહદ પર આવેલું ગામ છે અને તેના બારેક ફળિયા અટપટા રસ્તાઓ સાથે અંતરિયાળ વિસ્તારોમાં આવેલા છે. ત્યારે અહીંના પ્રાથમિક શાળાના શિક્ષકો જિલ્લાના અન્ય શિક્ષકોની જેમ ફળિયે ફળિયે જઇને શિક્ષણ આપી રહ્યાં છે. હેતલકુમાર પણ આ પહેલમાં જોડાયા છે અને પોતાની શારીરિક અક્ષમતાને બાધા બનવા દીધી નથી. તેઓ પણ તેમના સાથી શિક્ષકમિત્રની મદદથી રોજ સવારે શિક્ષણ માટે નીકળી જાય છે.

હેતલકુમાર અત્યારે ત્રીજા ધોરણના વિદ્યાર્થીઓને શિક્ષણ આપી રહ્યાં છે. જયારે તેમની સાથેના શિક્ષક મિત્રને અન્ય વર્ગના વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાનું હોય છે. આથી જે તે ફળિયામાં શિક્ષણ માટે બંન્ને શિક્ષકો સાથે નીકળે છે અને પરત આવે છે. અત્યારે ત્રીજા ધોરણમાં ૯૫ વિદ્યાર્થીઓ છે. તેમને શિક્ષણ આપવા માટે હેતલકુમાર રોજે રોજ અલગ અલગ ફળિયામાં જાય છે અને સાથે લઇ ગયેલા ચોક–બોર્ડ–ડસ્ટર વગેરેનો ઉપયોગ સાથે જે તે ફળિયામાં જ નાનકડો કલાસરૂમ બની જાય છે. ખંગેલા ગામમાં બારેક ફળિયા છે. અહીંના શિક્ષકોએ દરેક વિદ્યાર્થી સુધી શિક્ષણ પહોંચે એ રીતનું સમયપત્રક પણ બનાવ્યું છે અને એ પ્રમાણે દરેક ફળિયાના વિદ્યાર્થીઓ સુધી શિક્ષણ પહોંચતું કરાય છે.

હેતલકુમાર છેલ્લા ૨૨ વર્ષથી પ્રાથમિક શાળામાં શિક્ષક છે. તેઓ ધોરણ ૩ થી ૫ નાં વિદ્યાર્થીઓને ભણાવે છે. તેઓ એટલી સહજતાથી વિદ્યાર્થીઓને ભણાવતા હોય છે કે કોઇ કલ્પના ન કરી શકે કે તેઓ પજ્ઞાચક્ષુ હશે. હેતલકુમાર જણાવે છે કે, કોરોનાકાળમાં શાળા બંધ છે પરંતે તેના કારણે શિક્ષણકાર્યને અટક્વા દીધું નથી. અત્યારે ઓનલાઇન શિક્ષણ સાથે ફળિયે ફળિયે જઇને પણવિદ્યાર્થીઓને શિક્ષણ આપીએ છીએ. આ માટે કોરોનાને લગતા માસ્ક, સેનિટાઇઝર સહિતના તમામ પ્રોટોકોલનું પણ પાલન કરવામાં આવે છે.

હેતલકુમાર જન્મથી જ પજ્ઞાચક્ષુ નથી. તેમણે એમએસસી, બીએડ સુધીનું શિક્ષણ લઇને અંકલેશ્વર ખાતેની કેમોક્સ કેમીકલ કંપનીમાં કામ કરતા હતા. ત્યાં એક અકસ્માતમાં તેમણે ફક્ત ૨૪ વર્ષની ઉંમરે આખો ગુમાવી. ત્યાર બાદ તેમણે અમદાવાદ ખાતે ફિઝિયોથેરાપીનો કોર્સ કરીને દાહોદ ખાતે પ્રેક્ટિસ કરતા હતા. દરમિયાન તેમને પ્રાથમિક શિક્ષક તરીકેની નોકરી મળતાં તેઓ શિક્ષણ ક્ષેત્રમાં જોડાયા હતા અને છેલ્લા ૨૨ વર્ષથી ખંગેલા પ્રાથમિક શાળા ખાતે શિક્ષણ આપી રહ્યાં છે. હેતલકુમાર જણાવે છે કે તેમની દિવ્યાંગતા તેમને શિક્ષણકાર્યમાં કયારેય બાધારૂપ બની નથી. તેઓ ઓનલાઇન શિક્ષણ પણ મોબાઇલ પર સરળતાથી આપી શકે છે. તેમનો સ્માર્ટ ફોન બોલીને તેમનું માર્ગદર્શન કરતો રહે છે. પરંતુ તેઓ ફળિયા શિક્ષણને રાજય સરકારની આવકાર્ય પહેલ ગણાવે છે. કારણ કે રૂબરૂ શિક્ષણની અસરકારકતા વધારે હોય છે.

દાહોદ જિલ્લો ઘણી ભૌગોલિક પ્રતિકુળતા ધરાવે છે. તેમ છતાં જિલ્લાના શિક્ષકોએ અંતરિયાળ ગામો સુધી પણ શિક્ષણને પહોંચતું કર્યું છે. હેતલકુમાર જેવા નિષ્ઠાવાન શિક્ષક પોતાની શારીરિક અક્ષમતાઓને તેમા બાધા બનવા દેતા નથી અને જિલ્લાનો કોઇ વિદ્યાર્થી શિક્ષણથી વંચિત ન રહે તેનું ધ્યાન રાખ્યું છે.

# દાહોદ જિલ્લાના ફતેપુરાના વાંગડ ગામે પુષ્પાંજલી અપાઈ



ફતેપુરા,

ફતેપુરા તાલુકાના વાંગડ ગામે પટેલ ફળિયા ની અંદર બુથ નંબર ૩૩માં ડો. શ્યામા પ્રસાદ મુખર્જીનાં નિર્વાણ દિન એટલે કે બલિદાન દિવસ નિમિતે પુષ્પાંજલિનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં બુથ નંબર ૩૩ માં બુથસમિતિના સભ્યો અને પ્રમુખ મંત્રી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે જિલ્લા ભાજપના મહામંત્રી નરેન્દ્રભાઈ સોની, ભારતીય જનતા પાર્ટી પ્રદેશ કારોબારીના સભ્ય યોગેશભાઈ પારગી ઉપસ્થિતિ રહ્યા હતા.

આ પ્રસંગે મહામંત્રી નરેન્દ્રભાઈ સોની એ બુથ સમિતિના સભ્યોને ભારતીય જનતા પાર્ટીમાં ડો. સ્યામાંપ્રસાદ મુખર્જી એ આપેલ યોગદાન ,એમને જમ્મુ કાશ્મીર માટે આપેલુ બલિદાન તેમજ વર્તમાન જમ્મુ અને કાશ્મીરની પરિસ્થિતિની બાબતમાં તેમણે કરેલા કાર્યો તેમજ તેમના જીવન અને કવન વિશે ઉપસ્થિત સૌને માહિતગાર કર્યા હતા અને જણાવ્યું હતું કે વર્તમાન સરકારે ૩૭૦ અને ૩૫–એ ની કલમ રદ કરી એજ તેમને સાચી શ્રદ્ધાંજલિ છે. ત્યારબાદ ઉપરથી બુથ સમિતિના સભ્યોને સાથે રાખી અને વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

# દાહોદ જીલ્લામાં આજરોજ કોરોનાનો આંક શૂન્ય થયો

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે પણ શુન્ય કોરોના પોઝીટીવ કેસ નોંધાયો છે. માત્ર ગઈકાલે માત્ર ૦૧ કોરોના પોઝીટીવ કેસ નોંધાયો હતો અને છેલ્લા લાંબા સમયથી શુન્ય કોરોના કેસ સામે આવતાં હવે કોરોનાની બીજી લહેર વિદાય લેતી જોવાઈ રહી છે.

આર.ટી.પી.સી.આર. અને રેપીટ ટેસ્ટના ૧૨૬૨માંથી આજે એકપણ કોરોના પોઝીટીવ કેસ નોંધાંયો નથી. બીજી તરફ એક્ટીવ કેસોની સંખ્યા પણ ઘટી રહી છે અને આજે વધુ એક દર્દી કોરોનાથી સાજો થતાં તેને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. એક્ટીવ કેસોની સંખ્યા માત્ર ૦૫ રહેવા પામી છે. દાહોદ જિલ્લામાં અત્યાર સુધી કોરોનાથી કુલ ૩૩૮ દર્દીઓ પોતાનો જીવ ગુમાવી ચુંક્યા છે. ત્યારે દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૭૧૧૩ ને પાર થઈ ગયો છે.

# પટેલિયા સમાજના હોદ્દેદારો એ ભાવિ કાર્યક્રમો, સંકલન અંગે વિચાર વિમર્શ કર્યો



દાહોદ,

એમ.પી.નાં પટેલીયા સમાજના અગ્રગણ્યો એ દાહોદના સમાજના હોદ્દેદારો સાથે સમાજ ઉત્થાન અંગે ભાવિ કાર્યક્રમો કયા કયા કરવા, સમાજ ને એક કરી સંગઠિત કરી સંગઠન મજબૂત કઈ રીતે કરી શકાય તેના પર વિચાર વિમર્શ કરાયો અને સરકાર દ્વારા સમાજને મળવા પાત્ર હક્કો અંગે સમાજમાં જાગરૂકતા કઈ રીતે લાવી શકાય તેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી.

આ પ્રસંગે સમાજના હોદ્દેદરો, અગ્રગણ્યો ગોપાલસિંહ પરમાર, ધનાભાઈ બામણીયા, હરીરામ પટેલ, હીરાલાલ સોલંકી, રતનસિંહ બામણીયા, ભરતભાઈ ખપેડ, અખિલેશ પસાયા, ભુરાભાઈ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત સમાજજનો એ એકજૂટ થઈ સમાજ ઉત્થાનનાં કર્યો કરવા સંકલ્પ લીધો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 257

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## કાલોલના રામનાથ ગામે સસ્તા અનાજની દુકાન ઉપર વિતરણ કરાતો

# કઠોળ અને અનાજનો જથ્થો સડેલો હોવાનું ફરિયાદ સોશ્યલ મિડીયામાં કરાઈ

કાલોલ,

પંચમહાલ જિલ્લામાં આવેલી સસ્તા અનાજની દુકાનો પરથી એન.એફ.એસ.એ તેમજ અન્ય રેશનકાર્ડ ધારકોને આપવામાં આવતા અનાજ તેમજ કઠોળ સડેલા હોવાની ફરિયાદ કાલોલ તાલુકાના રામનાથ ગામના સરપંચ દ્વારા સોશિયલ મીડિયા મારફતે કરવામા આવી છે. સરપંચ દ્વારા સમગ્ર મામલે ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે કે આગામી માસમાં સસ્તા અનાજની દુકાનો પરથી વિતરણ કરવામાં આવનાર અનાજ તેમજ કઠોળના જથ્થો યોગ્ય ગુણવત્તાયુક્ત નહીં હોય તો સડેલા અનાજ અને કઠોળ રાંધીને જવાબદાર અધિકારીઓ તેમજ નેતાઓને ખાવા માટે મજબૂર કરવામાં આવશે.



કેન્દ્ર સરકાર દ્વારા કોરોનાની બીજી લહેર દરમિયાન દેશના તમામ રાજ્યોમાં કરવામાં આવેલા આંશિક લોકડાઉનને લઈને દેશના ગ્રામ્ય વિસ્તારમાં વસતા લોકોને મફતમાં અનાજ વિતરણ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. જે અનુસંધાને ગુજરાત રાજયમાં પણ સરકારી સસ્તા અનાજની દુકાન મારફતે રાજ્યમાં એન.એફ.એસ.એ રેશનકાર્ડ ધારકોને નિશુલ્ક અનાજનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. પંચમહાલ જિલ્લામાં પણ સરકારની આ યોજના હેઠળ પાત્રતા ધરાવતા રેશનકાર્ડ ધારકોને વિનામૂલ્યે અનાજનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. પંચમહાલ જિલ્લામાં આવેલી ૪૦૦ ઉપરાંતની સસ્તા અનાજની દુકાનો મારફત હાલમાં વિતરણ કરવામાં આવી રહેલા અનાજ અને કઠોળના જથ્થામાં યોગ્ય ગુણવત્તા ન હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. પંચમહાલ જિલ્લામાં હાલ વિતરણ કરવામાં આવી રહેલા અનાજ અને કઠોળ પૈકી ચણા તેમજ મકાઈમાં જીવાત પડી ગયેલા હોવાનું સામે આવ્યું છે. જિલ્લાના કાલોલ તાલુકાના રામનાથ ગામના સરપંચ દ્વારા સમગ્ર મામલાને લઈને સોશિયલ મીડિયાનો સહારો લઇ સસ્તા અનાજની દુકાનો દ્વારા વિતરણ કરવામાં આવતા ચડેલાં અનાજ બાબતે ફરિયાદ નોંધાવી છે. હાલમાં વિતરણ કરવામાં આવેલ અનાજ એટલું સડેલું છે કે, પશુઓને પણ ખવડાવી ન શકાય. સમગ્ર મામલે સરપંચ દ્વારા ચીમકી ઉચ્ચારવામાં આવી છે કે આગામી માસમાં વિતરણ કરવામાં આવનાર અનાજનો જથ્થો યોગ્ય ગુણવત્તાયુક્ત નહીં હોય તો હાલમાં વિતરણ કરવામાં આવી રહેલ સડેલા અનાજને રાંધીને જવાબદાર અધિકારીઓ તેમજ નેતાઓને ખવડાવવા માટે મજબૂર કરવામાં આવશે.

### સસ્તા અનાજની દુકાનના સડેલા અનાજનો જથ્થો આપશે તો તેનું ભોજન બનાવી અધિકારી અને નેતાને ખાવા મજબુર કરવાની ચિમકી

સસ્તા અનાજની દુકાનના સંચાલકો પણ જણાવી રહ્યા છે કે, પુરવઠા નિગમ દ્વારા આપવામાં આવેલ અનાજનો જથ્થો ખૂબ જ હલકી ગુણવત્તાનો અને સડેલો છે. પુરવઠા નિગમ દ્વારા એન.એફ.એસ.એ કાર્ડ ધારકો તેમજ પાત્રતા ધરાવતા કાર્ડ ધારકોને મૂલ્ય રહીત તેમજ મૂલ્યસહિત આપવાના અનાજનો જથ્થો હાલ સડેલો આપવામાં આવ્યો છે. હાલમાં વિતરણ કરવા માટે આપવામાં આવેલ મકાઈ અને ચણા સડી ગયેલા તેમજ જીવાત પડેલા આપવામાં આવ્યા છે. બીજી તરફ રેશનકાર્ડ ધારકો પણ સરકાર પાસે સારી ગુણવત્તાયુક્ત અનાજ તેઓને આપવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે.

સમગ્ર મામલે જિલ્લા પુરવઠા નિગમ દ્વારા સરકારી જવાબ આપવામાં આવી રહ્યો છે. જિલ્લા પુરવઠા નિગમ દ્વારા સસ્તા અનાજની દુકાનો પર આપવામાં આવેલ સડેલી મકાઈ બાબતે જણાવ્યું કે આવી કોઈ ફરિયાદ આવશે તો જથ્થો બદલી આપવામાં આવશે. દુકાનદારોને આપવામાં આવેલ મકાઈનું ગ્રેડિંગ તેમજ પેસ્ટકન્ટ્રોલ અને ફોર્મિંગ કરીને આપવામાં આવી છે. ત્યારે સવાલ એ થાય છે કે જો આ બધી કાર્યવાહી કરીને અનાજનો જથ્થો દુકાનદારોને આપવામાં આવ્યો હતો તો ગણતરીના દિવસોમાં જ મકાઈ અને ચણામાં જીવાત કેવી રીતે પડી ગઈ ? મકાઈ સડી ને પાઉડર કેવી રીતે બની ગઈ ? પશુને પણ ન આપી શકાય એવી મકાઈ અને ચણા નો જથ્થો જે વિતરણ કરવામાં આવી રહ્યો છે તાત્કાલિક બદલી યોગ્ય ગુણવત્તાયુક્ત અનાજ આપવામાં આવે તે ખૂબ જરૂરી બન્યું છે.

## કાલોલ તાલુકાના કરોલી ગ્રામ પંચાયતમાં વિકાસના કામોમાં ભ્રષ્ટાચારની કલેકટરમાં રજુઆત બાદ કાર્યવાહી ન કરતાં ગ્રામજનોમાં નારાજગી

ગોધરા,

કાલોલ તાલુકાના કરોલી ગ્રામ પંચાયત વિસ્તારમાં થયેલ વિકાસના કામોમાં લાખો રૂપીયાનો ભ્રષ્ટાચાર થયેલ હોવાની ગ્રામજનો દ્વારા ૧૮ મે ૨૦૨૧ના રોજ જીલ્લા કલેકટરને લેખિતમાં રજુઆત કરવામાં આવી હતી. કરોલી પંચાયતમાં વિકાસના કામોમાં થયેલ ભ્રષ્ટાચારમાં પંચાયતના તલાટી, સરપંચ, ડે.સરપંચ, તાલુકા વિકાસ અધિકારીના મેળાપીપણામાં આચરવામાં આવ્યો છે. તેવા આક્ષેપ સાથે કરાયેલ રજુઆત બાદ પણ તપાસ કરવામાં નહિ આવતાં ગ્રામજનોમાં નારાજગી જોવા મળી રહી છે.

કાલોલ તાલુકાના કરોલી ગ્રામ પંચાયતમાં લાખો રૂપીયાના વિકાસના કામોમાં ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે. તેવું આવેદન ગ્રામજનો દ્વારા ૧૮ મે ૨૦૨૧ના રોજ જીલ્લા કલેકટરને આપવામાં આવ્યું હતું. કરોલી ગ્રામ પંચાયતમાં વિકાસના કામો માટે આવતી કરોડો રૂપીયાની ગ્રાન્ટોમાં સરકારના નીતિ નિયમો અનુસાર કામો કર્યા વગર પંચાયતના સરપંચ, તલાટી અને કોન્ટ્રાકટર દ્વારા

### કરોલી પંચાયતના વિકાસના કામોમાં તલાટી, સરપંચ, ડે.સરપંચ અને કોન્ટ્રાકટરના મેળાપીપણામાં ભ્રષ્ટાચાર આચર્યાનો આક્ષેપ

એકબીજાના મેળાપીપણામાં લાખો રૂપીયાની ઉચાપત કરેલ છે. કરોલી ગ્રામ પંચાયતના કોન્ટ્રાકટર દ્વારા પંચાયત વિસ્તારમાં મંજુર થયેલ રોડ માત્ર કાગળો ઉપર બનાવેલ છે. કરોલી ગામે રાણીયા રવિયા ફળીયા થી નવી પંચાયત સુધીના રોડ માત્ર કાગળ ઉપર બનેલ છે. નાળાનું કામ પણ કાગળ ઉપર કરવામાં આવ્યું છે અને લાખો રૂપીયાની ગ્રાન્ટ કામો સ્થળ ઉપર કર્યા વગર ગ્રાન્ટની રકમ ઉપાડી લઈને ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે. કરોલી સરપંચ, તલાટી, ડે.સરપંચ અને કોન્ટ્રાકટર દ્વારા એકબીજાના મેળાપીપણામાં તળાવ ઉપર પથ્થર પંપીંગ તેમજ બોર, ચેકડેમ જેવી યોજનામાં મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર કરીને સરકારી નાણાની ઉચાપત કરવામાં આવી હોય ત્યારે કરોલી ગામના ગ્રામજનો દ્વારા પંચમહાલ જીલ્લા કલેકટરને લેખિતમાં આવેદનપત્ર આપીને તપાસ કરવાની માંગ કરવામાં આવી હતી.

કરોલી ગ્રામ પંચાયત વિસ્તારમાં વિકાસલક્ષી કામો સ્થળ ઉપર કર્યા વગર માત્ર કાગળ ઉપર કામો પુરા કરીને મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે. કરોલી ગ્રામ પંચાયતના ભ્રષ્ટાચારમાં સરપંચ, ડે.સરપંચ, તલાટી, કોન્ટ્રાકટરના મેળાપીપણામાં તેમજ તાલુકા વિકાસ અધિકારીની મીઠી નજર હેઠળ કરવામાં આવ્યો હોય તેવા આક્ષેપ સાથે જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. તેમ છતાં કરોલી પંચાયતના વિકાસના કામોના ભ્રષ્ટાચારની તપાસ નહિ કરતા ગ્રામજનોમાં નારાજગી જોવા મળી છે. હવે જોવાનું રહે કે જીલ્લાકક્ષાએથી કરોલી પંચાયતમાં થયેલ વિકાસના કામોના ભ્રષ્ટાચારની તપાસ કરીને કોન્ટ્રાકટર વિરૂદ્ધ કાયદેસર કાર્યવાહી કરાશે ખરી ? તે જોવાનું રહ્યું.

## ગોધરા પાણી પુરવઠાના ત્રણ શ્રમયોગીને ફરજ ઉપર હાજર કરવાનો હુકમ કરતા આનંદ

ગોધરા,

પંચમહાલ જીલ્લાના ગોધરા મુકામે આવેલ નાયબ કાર્યપાલક ઈજનેર, ગુજરાત પાણી અને ગટર વ્યવસ્થા બોર્ડ જાહેર આરોગ્ય સુખાકારી પેટા વિભાગ તથા કાર્યપાલક ઇજનેર, પાણી પુરવઠા વિભાગે ગોધરાના નાના તાબા હેઠળ વર્ષોથી પંપ ઓપરેટર ક્મ લાઈનમેન તરીકે તા. ૧૮-૧૦-૯૪ થી ફરજ બજાવતા વિજયસિંહ પી. પરમાર, તા. ૧૮-૮-૯૦ થી ફરજ બજાવતા રાજેન્દ્ર કુમાર સી. શ્રીમાળી તથા તા.૧-૧-૧૯ ૯૫ થી ફરજ બજાવતા પુનમભાઈ બી. રાઠોડ વિગેરેને સંસ્થાએ સને -૧૯૯૮ માં કાયમી પ્રકારની ચાલતી કામગીરી માંથી આઈ.ડી. એકટની કલમ -૨ ૫ એચ અને ૨૫ - એફ નો ભંગ કરી ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરી દેતા ત્રણ કામદારોએ ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ એ.એસ.ભોઈનો સંપર્ક સાધી તેમને થયેલા અન્યાય બાબતે લાગતા વળગતા અધિકારીઓને પડેલા દિવસોના પગાર સહીત મુળ જગ્યાએ નોકરીમાં પુનઃ સ્થાપિત થવાની નોટીસ આપેલ પરંતુ કામદારોને ફરજમાં હાજર કરવામાં આવેલ ન હોય આ વિવાદ નામદાર મજુર અદાલત ગોધરા સમક્ષ દાખલ કરવામાં આવેલ જેનો રેફ.એલ.સી.જી. નં. ૬૭૫ થી ૬૭૭/ ૯૯ પડેલ જે કેસ ચાલી જતાં નામદાર મજુર અદાલત બંને પક્ષકારોની દલીલો સાંભળી આખરી હુકમ કરતા ત્રણેય કામદારોને પડેલા દિવસોના ૨૦% પગાર સહિત સળંગ નોકરીથી મળવાપાત્ર લાભોથી પુનઃ સ્થાપિત કરવાનો આદેશ ફરમાવેલ. જે આદેશથી સામાવાળાઓ નારાજ થઈ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ પડકાર કરવા એસ.સી.એ. ૨૫૭૮૮ થી ૨૫૭૯૦/૦૬ દાખલ કરવામાં આવેલ. આ અરસા દરમ્યાન આ કામના શ્રમયોગી વિજયભાઈ.પી. પરમારનું તા.૮ -૧૧-૧૧ ના રોજ અવસાન થયેલ છે. જે પૈકીના બે શ્રમયોગી રાજેન્દ્રકુમાર.સી. શ્રીમાળી તથા પુનમભાઈ રાઠોડના કેસની બોગામી સુનાવણી થતા નામદાર ગુજરાત હાઈકોર્ટે સામાવાળાની મનાઈ અરજી રદ કરી હયાત શ્રમયોગીઓને આઈ.ડી. એકટની કલમ -૧૭ (બી) મુજબ ઘરે બેઠા પગાર ચુકવવાનો આદેશ ફરમાવેલ. તે મુજબ બંને શ્રમયોગીઓને સને -૨૦૧૭ થી મે-૨૦૨૧ સુધી પગાર ચુકવણી કરવામાં આવેલ છે. ત્યારબાદ આ કામના બીજા શ્રમયોગી રાજેન્દ્રકુમાર સી. શ્રીમાળીનું તા. ૨૦-૫- ૨૧ ના રોજ અવસાન થતાં બંને મૃત્યુ પામેલ શ્રમયોગીઓના વારસોને આ કામે જોડવા અને તેઓને મળવાપાત્ર મામ પગારની રકમ ગુજરનારના વારસોને આપવા તથા હયાત શ્રમયોગી પુનમભાઈ.બી.રાઠોડને તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃ સ્થાપિત કરી સરકારશ્રીના તા. ૧૭-૧૦-૮૮ ના પરીપત્રના લાભો આપવા બાબતે ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ એ.એસ.ભોઈને ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડને નોટીસ પાઠવી હુકમમાં જણાવ્યા મુજબ ૬ અઠવાડીયામાં નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમનો સીધો અમલ કરવા માટે પણ સામાવાળાને જાણકારી કરેલ છે. આમ, નામદાર ગુજરાત હાઈકોર્ટના આદેશથી ગુજરનારના વારસોને મળવાપાત્ર લાભો ચુકવવા અને હયાત શ્રમયોગીને નોકરીમાં હાજર કરવાના આદેશથી શ્રમયોગી આલમમાં આનંદની લાગણી પ્રર્વતી છે.

## ગોધરા વૃતાલય મંદિર ખાતે લક્ષ્મી નારાયણ દેવના હરિભકતોને નૃગેન્દ્ર પ્રસાદ મહારાજ દ્વારા સન્માન પત્રક અપાયા

ગોધરા,

શ્રી પ.પૂ.ધ.ધૂ૧૦૦૮ આચાર્ય અજેન્દ્ર પ્રસાદજી મહારાજના રૂડા આર્શીવાદથી અખિલ ભારતીય દક્ષિણ વિભાગ લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ દ્વારા અભિનંદન સન્માનપત્ર ભાવિ આચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદ મહારાજ દ્વારા તથા પંચમહાલ જીલ્લા પ્રમુખ અશ્વિનભાઈ પટેલ અને વિશ્વ હિન્દુ પરિષદ અને પંડપા તથા હાલમાં વૃતાલયમાં યુવાગણ દ્વારા લીડર તરીકે ગોપાલભાઈ પટેલના હરિભકતો દ્વારા પંચમહાલમાં કોવિડ ૨૦-૨૧માં સીવીલ હોસ્પિટલ તથા ગરીબ ગણમાં તથા લોકડાઉનમાં ઘરે ઘરે અને ટીફીનની વ્યવસ્થા મંદિરમાં બનાવીને જાતે પોતે તેમનો હરિભકતો ૮૦ થી ૧૦૦ હરિભકતો દ્વારા ૨૦-૨૧માં કોવિડમાં સગવડ કરીને જાતે સીવીલ હોસ્પિટલમાં પહોંચાડવાની વ્યવસ્થા કરી સગવડ કરેલ હતી. જેમાં જેઓને કોવિડ કોરોના થયેલ હોઈ તેઓને પોતે હરિભકતો દવાખાને પહોંચાડવાની



તથા દવાઓ આપવાની તદ્દન સેવાભાવિ હરિભકતો દ્વારા પ્રવૃતિ કરવામાં આવેલ કાઉન્સીલર ગૌરીબેન, શુકલ સોસાયટી હાલમાં શ્રી પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય ભાવિ શ્રી નૃગેન્દ્ર પ્રસાદની મહારાજ દ્વારા જલ એકાદશી નોમ નિર્જલા તથા ભીમ એકાદશીના દિવસે વૃતાલય મંદિર લક્ષ્મીનારાયણ દેવમાં તમામ હરિભકતોને સન્માનપત્ર આપેલ હતા. અને ગોપાલભાઈ પટેલ તથા મિતેશભાઈ વાડી ફાર્મવાળા અને તેમની ટીમ વૃતાલય મંદિરમાં ભોજનની વ્યવસ્થા કરેલ તથા વિના મૂલ્યે કોવિડ ૨૦-૨૧ની વેકસીન મૂકાવાનો કેમ્પ યોજવામાં આવેલ હતો. તેની સાથે ભકતોએ સેવા સત્સંગ કથા તથા ભજન કિર્તન અનેરો લાભ લેવા દુરદુર થી હરિભકતો પધારેલા જોવા મળતા હતા. આ વૃતાલયમાં નવિન શ્રી સ્વામીનારાયણ મંદિરનું બાંધકામ હાલમાં ચાલુ છે. આ મંદિરમાં ઉત્સવો ધામધૂમથી ઉજવવામાં આવે છે.

## દાહોદના ખરોદા ગામની ખેત તલાવડી કૌભાંડના આરોપીની જામીન અરજી નામંજુર કરાઈ

દાહોદ,

દાહોદ જિલ્લાના દાહોદ તાલુકાના ખરોદા ગામે ખેત તલાવડી યોજના હેઠળ ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લીમીટેડ દાહોદની કચેરીના કર્મચારીઆએ ખોટી અરજી કરી સરકારી કર્મચારી તરીકે મળેલ સત્તાનો દુરૂઉપયોગ કરતાં અને નાણાંની રમકનું ચુંકવું પણ કરી દેતાં આ સંદર્ભે દાહોદ એ.સી.બી.પોલીસ મથકે આ મામલે રેકર્ડ ઓડીટ કરનાર અને એકબીજાના મેળાપીપણામાં આ ગુન્હો કરનાર પીપારા એન્ડ કંપનીના ઓડીટ આસીસ્ટન્ટ વિરૂધ્ધ ફરિયાદ પણ નોંધાઈ હતી અને જેને પગલે દાહોદ એ.સી.બી. પોલીસે આ કંપનીના ઓડીટ આસીસ્ટન્ટ અટકાયત કરી તેના રિમાન્ડ મેળવ્યાં હતાં. ઓડીટ આસીસ્ટન્ટના રિમાન્ડ પુરાં થતાં તેને પોતાના વકીલ મારફતે દાહોદની નામદાર સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરતાં કોર્ટે ગુન્હાની ગંભીરતાને ધ્યાનમાં રાખી તેમજ વકીલની દલીલને આધારે ઓડીટ આસીસ્ટન્ટ જામીન ના મંજુર કરતો હુકમ કરતાં કોર્ટ સંકુલમાં સન્નાટો સહિત વાયુવેગે આ સમાચાર દાહોદ જિલ્લાની સરકારી આલમમાં થતાં ખળભળાટ સાથે ચકચાર પણ વ્યાપી જવા પામી હતી.

ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ હસ્તકના દાહોદ જિલ્લાના દાહોદ તાલુકાના ખરોદા ગામના અલગ અલગ સર્વે નંબરોમાં સરકારની ખેત તલાવડી યોજના હેઠળ ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લીમીટેડ (જી.એલ.ડી.સી.) દાહોદની કચેરીના કર્મચારીઓએ અલગ અલગ ગામોમાં કુલ ૦૩ ખેત તલાવડીના જણાવેલ સર્વે નંબરોમાં માલીકો, ખેડુતો અરજી કરેલ ન હોવા છતાં ખોટી અરજી કરી સરકારી કર્મચારી તરીકે મળેલ સત્તાનો દુરૂઉપયોગ કરી કુલ ૦૩ ખેત તલાવડીના નાણાંની રકમનું ચુંકવણું કરી ખેડુતોની જાણ બહાર સરકારની નિમગ જોગવાઈ શરતોનું ઉલ્લંઘન કરી ગુન્હાહીત કાવતરૂં રચી તેમજ સત્તાનો દુરૂઉપયોગ કર્યો હતો. આ ઉપરાંત ખોટું રેકર્ડ પણ બનાવીજે રેકર્ડ પીપારા એન્ડ કંપનીના ઓડીટરે ઓડીટ કરી એકબીજાના મેળાપીપણામાં ગુન્હો કર્યો હતો. આ સંદર્ભે દાહોદ એ.સી.બી. કચેરીએ ઉપરોક્ત કંપનીના ઓડીટ આસીસ્ટન્ટ ભૌમીક દિલીપકુમાર ગાંધી વિરૂધ્ધ ફરિયાદ પણ નોંધાઈ હતી અને દાહોદ એસ.સી.બી. પોલીસે ભૌમીક દિલીપકુમાર ગાંધી વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી પણ હાધ ધરી હતી. ભૌમીક ગાંધીની તારીખ ૦૯.૦૬.૨૦૨૧ ના રોજ અટકાયત કરવામાં આવી હતી અને તેને નામદાર સેશન્સ કોર્ટ, દાહોદમાં રજુ કરતાં કોર્ટે તેના તારીખ ૧૧.૦૬.૨૦૨૧ સુધીના પોલીસ કસ્ટડી રિમાન્ડ પણ મંજુર કર્યાં હતાં. ભૌમીક ગાંધીના રિમાન્ડ પુર્ણ થતાં તેને જ્યુડીશીયલ કસ્ટડીમાં મોકલી આપ્યો હતો.

આ બાદ આરોપી ભૌમીક દિલીપકુમાર ગાંદીએ નામદાર સેશન્સ કોર્ટ, દાહોદ ખાતે રેગ્યુલર જામીન અરજી દાખલ કરી હતી. જેમાં તપાસ અધિકારી દ્વારા સોગંધનામું ફાઈલ કર્યું હતું તેમજ આરોપી વિરૂધ્ધ દસ્તાવેજી પુરાવા, સાંયોગીક પુરાવા, ટેકનીકલ પુરાઓને તથા સરકારી વકીલની ધારદાર દલીલોને ધ્યાને લઈ નામદાર સેશન્સ કોર્ટ, દાહોદ આરોપી ભૌમીક ગાંધીના જામીન રિજેક્ટ કર્યાં હતાં.

## ગોધરા તાલુકાના દયાલ ગામેની જમીનમાં લેન્ડ ગેબિંગની ફરિયાદના આરોપીઓના જામીન અરજી નામંજુર કરતો હુકમ લેન્ડ ગેબિંગ સ્પેશ્યલ કોર્ટ કરાયો

ગોધરા,

ગોધરા તાલુકાના દયાળ ગામે આવેલ રેવન્યુ સર્વે નંબર ૪૬/ ૨ વાળી જમીન પચાવી પાડવાના ગુનામાં ગોધરા તાલુકા પોલીસ મથકે લેન્ડ ગેબિંગ અંતર્ગત આરોપી વિરૂદ્ધ ફરિયાદ નોંધાયેલ હતી. લેડ ગ્રેબિંગની ફરિયાદના આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા. તેવા આરોપીઓના નિયમિત જામીન અરજી કરેલ હોય તે સુનાવણી સ્પેશ્યલ જજ લેન્ડ ગ્રેબિંગ કોર્ટ સમક્ષ દાખલ થયેલ હતો. તેની સુનાવણી કોર્ટ દ્વારા બન્ને પક્ષોની દલીલોને સાંભળ્યા પછી આરોપીઓની જામીન અરજી નામંજુર કરવામાં આવી છે. ગોધરા તાલુકાના દયાલ ગામે આવેલ રેવન્યુ સર્વે નંબર ૪૬/૨ વાળી વડીલો પાર્જીત જમીનમાં ભળતા નામોનો લાભ લઈને જમીન પડાવી પાડવાના હેતુથી ગુનાહિત કાવતરું રચવામાં આવ્યું હતું. ખોટું પેઢીનામું બનાવી સાચા તરીકે દર્શાવીને જમીનના હકક પત્રક નંબર-૬, નંબર-૭/૧૨, ૮-અ માં આરોપીઓ માલિકી (વારસદાર) ન હોવા છતાં વારસાઈ નોંધ પડાવી નામો દાખલ કરાવી જમીનનો ગેરકાયદેસર કબ્જો ભોગવટો કરેલ હતો. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ૯ આરોપીઓ વિરૂદ્ધ લેન્ડ ગ્રેબિંગ એકટ અંતર્ગત ગુનો નોંધી આરોપીઓની ધરપકડ કરી જેલ ભેગા કરવામાં આવ્યા હતા. લેન્ડ ગ્રેબિંગના ગુનામાં પકડાયેલ આરોપીઓ દ્વારા નિયમિત જામીન અરજી પંચમહાલ જીલ્લા સ્પેશ્યલ જજ લેન્ડ ગ્રેબિંગ કોર્ટના જજ સમક્ષ રજુ કરાઈ હતી. તેની સુનાવણી હાથ ધરાઈ હતી. નામદાર કોર્ટ દ્વારા બન્ને પક્ષની દલીલો લંબાણ પૂર્વક સાંભળ્યા બાદ આરોપીઓની જામીન અરજી નામંજુર કરવામાં આવી છે. કોર્ટ દ્વારા નોંધવામાં આવ્યું કે, ગંભીર પ્રકારના ગુનામાં સંડોવાયેલ આરોપીને છોડવા ફરિયાદીને અન્યાય બરાબર છે.



પંચમહાલ જિલ્લામાં વહેલી સવારથી વાદળછાયું સર્જાયું હતું અને મોડી સાંજે અચાનક વાતાવરણમાં પલટો આવતાં શહેરા સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ધીમીધારે વરસાદ શરૂ થયો હતો. વરસાદ શરૂ બે દિવસ વિરામ બાદ શહેરા સહિત આસપાસના વિસ્તારોમાં વિસ્તારોમાં ધીમીધારે વરસાદ વરસ્યો હતો વરસાદ શરૂ થતા ખેડૂતોમાં આનંદની લાગણી છવાઈ હતી. તો બીજી તરફ બે દિવસ ભારે ઉકળાટ ભર્યા વાતાવરણથી પ્રજાજનોને રાહત મળી હતી.

## જાંબુઘોડા મામલતદાર કચેરીમાં આવકના દાખલા માટે ૨૦૦ રૂપીયા લેતાં નાયબ મામલતદારને ACB એ ઝડપ્યો

જાંબુઘોડા,

પંચમહાલ જીલ્લાના જાંબુઘોડા તાલુકા મામલતદાર કચેરીમાં ફરજ બજાવતા નાયબ મામલતદાર એ અરજદાર પાસેથી આવક અને જાતિના દાખલા માટે ૧૦૦ થી ૫૦૦ રૂપીયાની રકમ લાંચમાં માંગતો હોય તેવી ફરિયાદના આધારે વડોદરા એસીબી દ્વારા છટકું ગોઠવવામાં આવ્યું હતું અને આજરોજ જાતિના દાખલા માટે ૨૦૦ રૂપીયાની માંગણી કરી ૨૦૦ રૂપીયા સ્વીકારતા રંગે હાથે ઝડપી પાડવામાં આવ્યો. જાંબુઘોડા



મામલતદાર કચેરીના નાયબ મામલતદાર એસીબીના છટકામાં આબાદ ઝડપાઈ જતાં અન્ય લાંચિયા કર્મચારી અને અધિકારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લાના જાંબુઘોડા તાલુકા મામલતદાર કચેરીમાં આવક તથા જાતિના દાખલા માટે આવતાં અરજદારો પાસેથી ૧૦૦ થી ૫૦૦ રૂપીયાની લાંચ માંગવામાં આવે છે. તેવી માહિતી એસીબી વિભાગ વડોદરાને મળેલ હતી. જેની ખરાઈ કરવા માટે એસીબી શાખા દ્વારા ૨૩ જુનના રોજ અરજદારનો સહકાર મેળવીને લાંચિયા કર્મચારીને ઝડપી પાડવા માટે છટકું ગોઠવવામાં આવ્યું હતું. જાંબુઘોડા મામલતદાર કચેરીમાં આવકના દાખલા મેળવવા ગયેલ અરજદાર પાસેથી ૨૦૦ રૂપીયાની લાંચ લેતા નાયબ મામલતદાર રાઠવા નવિનભાઈ નારીયાભાઈને રંગેહાથે ઝડપી પાડવામાં આવ્યા હતા. રાજ્ય સેવકના હોદ્દેદારોનો દુરઉપયોગ કરી ગેરવર્તુણક કરી લાંચ લેતા એસીબીના છટકામાં આબાદ ઝડપાઈ જવા પામ્યા હતા. જાંબુઘોડા મામલતદાર કચેરીમાં વડોદરા એસીબી પો.ઈ. એસ.એસ.રાઠોડ અને સ્ટાફ દ્વારા લાંચ લેતા ઝડપી પાડતાં અન્ય લાંચિયા અધિકારી અને કર્મચારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.